RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 218* Date: 05.06.2022 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લો ડાંગ, ડભોઈ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૬.૯૧% પરિણામ જાહેર




ગાંધીનગર,તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જોયું હતું આ વર્ષે પરીક્ષા આપનારા કુલ ૮૬.૯૧ ટકા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે.આ પહેલા બોર્ડ તરફથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું.

આ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૬.૯૧ ટકા જાહેર થયું છે. જેમાં સુબીર, છાપી, અલારસ કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જ્યારે ડભોઈ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું ૫૬.૪૩ ટકા આવ્યું છે. આ વર્ષે સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લો ડાંગ રહ્યો છે. ડાંગ જિલ્લાનું પરિણામ ૯૫.૪૧% રહ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો વડોદરા રહ્યો છે. વડોદરાનું પરિણામ ૭૬.૪૯% રહ્યું છે. આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૦૬૪ છે.

આજે જાહેર પરિણામની વિગતો જોઈએ તે કુલ પરિણામ-૮૬.૯૧%,સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર સુબીર,છાપી, અલારસા, ૧૦૦%, સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ડભોઈ, ૫૬.૪૩%,સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ડાંગ ૯૫.૪૧%, સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો વડોદરા ૭૬.૪૯%, ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૧૦૬૪,૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા ૧,નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૪. ૬૭% નિયમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૯.૨૩% કોપી કેસની સંખ્યા ૨૫૪૪૩, ૩૭ , ૫૪૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા બોર્ડ તરફથી આપવામાં આવેલી સત્તાવાર માહિતી પ્રમાણે આ વર્ષે આ પરીક્ષામાં ૩,૩૭,૫૪૦ નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૩,૩૫,૧૪૫ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૨,૯૧,૨૮૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૮૬.૯૧% ટકા આવ્યું છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૩૨,૧૪૩ ઉમેદવારો નોંધાયા હતા, તે પૈકી ૩૦,૦૧૪ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૩,૬૪૧ ઉમેદવાર સફળ થયા છે. પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૫.૪૫ % આવ્યું છે.

આ પરીક્ષામાં ૨૨,૧૬૧ ખાનગી નિયમિત ઉમેદવારો નોધાયા હતા, જે પૈકી ૨૦,૧૮૯ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમાંથી ૯,૮૭૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. ખાનગી નિયમિત ઉમેદવારોનું પરિણામ ૪૮.૯૨ % આવ્યું છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ખાનગી પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૨૪,૫૬૭ ઉમેદવારો નોધાયેલા હતા, તે પૈકી ૨૨,૮૫૧ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૦,૭૦૦ ઉમેદવાર સફળ થયા છે. આમ ખાનગી પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૬.૮૩% આવ્યું છે.બોર્ડના પરિણામ પર નજર કરીએ તો આ વર્ષે કોમ્પ્યુટર વિષયમાં સૌથી વધારે વિદ્યાર્થી નાપાસ થયા છે. કોમ્પ્યુટર વિષયનું પરિણામ ૮૫.૭૨% આવ્યું છે. જ્યારે હિન્દી વિષયનું સૌથી વધારે ૯૯.૨૮ ટકા પરિણામ આવ્યું છે.

## રાજકોટની હર્ષિતા કીડી ગુજરાત બોર્ડમાં ૯૯.૯૯ પી.આર સાથે બોર્ડમાં ટોપર છે. તેના પિતા કારખાનામાં મજૂરી કરે છે

રાજકોટની હર્ષિતા કીડી જે ગુજરાત બોર્ડમાં ટોપર આવી છે. ૯૯.૯૯ પી.આર સાથે હર્ષિતા કીડી બોર્ડમાં ટોપર છે. કારખાનામાં મજૂરી કરતા પિતાની દીકરી બોર્ડમાં ફર્સ્ટ આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. પરંતુ દુર્ભાગ્યવશ તેનો ભાઈ હોસ્પિટલમાં દાખલ હોવા છતાં બહેન પરિણામ લેવા આવી હતી. હર્ષિતા કીડીએ ભારે મને જણાવ્યું હતું કે, ભાઈ હોસ્પિટલમાં દાખલ છે પરંતુ બોર્ડનું પરિણામ જાહેર થતા પરિવારમાં ખુશી જોવા મળી રહી છે, જ્યારે હર્ષિતાએ પરિણામનો શ્રેય પરિવારને આપ્યો છે.ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહમાં ટોપ પર આવનાર હર્ષિતા કીડીએ વધુમાં કહ્યું કે, આ પરિણામનો શ્રેય મારા પરિવારને જાય છે. તો બીજી તરફ રાજકોટની ધોળકિયા સ્કૂલનો વિદ્યાર્થી મિત રાદડિયા પણ બોર્ડમાં ટોપર છે. સબ મર્શિબલ પંપ બનાવતા ભાવેશભાઈનો પુત્ર ૯૯.૯૯ પી.આર સાથે બોર્ડમાં ટોપર આવ્યો છે. ગુજરાત બોર્ડમાં ટોપ પર આવનાર વિદ્યાર્થી અને તેના પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. બીજી તરફ ૬ જૂનના રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે.

# જ્ઞાનવાપીમાં પૂજાને લઈને હંગામો, સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મઠમાં નજરકેદ કરાયા

વારાણસી,તા.૪

જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાં શિવલિંગ પર જળ ચઢાવવા આવેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદને પોલીસે અટકાવ્યા હતા. અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે અમે ભગવાનને ભૂખ્યા અને તરસ્યા રાખી શકતા નથી અને હવે અમને અંદર જતા અટકાવવામાં આવ્યા છે, તો અમે બહાર બેસીને પૂજા કરીશું. શકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીના શિષ્ય અવિમુક્તેશ્વરાનંદને પોલીસે તેમના મઠમાં નજરકેદમાં રાખ્યા ે. વાસ્તવમાં, જ્ઞાનવાપી મસ્જિદમાં કરવામાં આવેલા સર્વેના વીડિયોમાં કથિત રીતે શિવલિંગ બતાવવામાં આવ્યું હતું. આ પછી અવિમુક્તેશ્વરાનંદે શનિવારે જ્ઞાનવાપીમાં પૂજા કરવાની જાહેરાત કરી હતી. આ પછી પોલીસે તેમને પરવાનગી ન આપી અને તેને મઠમાં નજરકેદ કરી દીધા છે. અવિમુક્તેશ્વરાનંદે જાહેરાત કરી હતી કે તેઓ ૭૧ લોકો સાથે જ્ઞાનવાપી પહોંચશે અને પૂજા કરશે. આ વિશે જાણ્યા પછી, વારાણસી પોલીસે અવિમુક્તેશ્વરાનંદને જ્ઞાનવાપી જવાની મંજૂરી આપી ન હતી. તે જ સમયે, જાહેરાતને ધ્યાનમાં રાખીને, શનિવારે સવારે વારાણસી પોલીસ સોનારપુરા વિસ્તારમાં સ્થિત અવિમુક્તેશ્વર અને સરસ્વતીના વિદ્યા મઠના ગેટ પર પહોંચી. હાલ પોલીસે આશ્રમને ચારે બાજુથી ઘેરી લીધો છે. પોલીસ અવિમુક્તેશ્વરાનંદના કાર્યક્રમ માટે પરવાનગીના અભાવનું કારણ આપી રહી છે. મઠની અંદર અને બહાર જનારાઓ પર પણ ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે સાંજે પ્રશાસને અવિમુક્તેશ્વરાનંદને જ્ઞાનવાપીમાં પૂજા કરવાની મંજૂરી આપી ન હતી. વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે જ્યાં સંત સમાજ પૂજા કરવાની માંગ કરી રહ્યો છે, તેને કોર્ટના આદેશ બાદ સીલ કરી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં ત્યાં પૂજાની મંજૂરી આપી શકાય નહીં. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો કોઈ પ્રશાસનના આદેશનું પાલન નહીં કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી શનિવારે શ્રીવિદ્યા મઠના ગેટ પાસે જ્ઞાનવાપીમાં પૂજા કરવા જતા અટકાવવામાં આવ્યા બાદ ઉપવાસ પર બેસી ગયા છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી તેઓ જ્ઞાનવાપીમાં પ્રગટ થયેલા આદિ વિશ્વેશ્વરના શિવલિંગની પૂજા નહીં કરે ત્યાં સુધી તેઓ અન્ન-જળ પણ લેશે નહીં.તેમણે વધુંમાં કહ્યું હતુ કે- ‘અમારી નાની એવી માંગ છે કે અમને દિવસમાં એક વખત અમારા આરાધ્યની પૂજા કરવાની મંજુરી આપવામાં આવે. પોલીસકર્મીઓ અમારી સામે ઉભા છે, અમારો રસ્તો રોકે છે. પોલીસ તેમનું કામ કરશે, અમે અમારું કામ કરીશું. પૂજા કરવાનો અધિકાર એ દરેક સનાતન ધર્મનો મૂળભૂત અધિકાર છે. પૂજાની મંજૂરી ન આપવા બદલ પ્રશાસન પર સવાલ ઉઠાવતા સ્વામીએ કહ્યું, ‘પોલીસ અમારી પાસેથી પૂજાની સામગ્રી લઈ જાય અને અમારા આરાધ્ય દેવતાની પૂજા કરે. ભગવાનની ઉપાસના ન કરવાથી, અમે પાપના ભાગીદાર બનીશું નહીં. એવું કેવી રીતે થાય કે આપણે સ્નાન કરીએ, ખાઈએ અને પાણી પીએ અને આપણા ભગવાન એમનાં એમ જ રહે.‘

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ હંમેશા પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. થોડા દિવસો પહેલા એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે સનાતન ધર્મમાં માત્ર એક જ દેવતા માનવામાં આવે છે, તે શિવ છે. જે શિવને જાણતો નથી, તેમનો મહિમા સમજી શકતો નથી, તે શિવલિંગને ઝરણું કહે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે જો જ્ઞાનવાપીમાં શિવલિંગ જોવા મળે છે તો ત્યાં પૂજા અને શણગાર કરાવવો ખૂબ જ જરૂરી છે.

# રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા ૩૬ ઉમેદવાર, બાકી સીટો પર ૧૦ જૂને મતદાન

નવીદિલ્હી,તા.૪

રાજ્યસભાની ૧૦ જૂને યોજાનારી ચૂંટણી મટે ઉમેદવારી કરનાર ૩૬ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા છે. આ બિનહરીફ ઉમેદવાર ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પંજાબ તથા તમિલનાડુથી રાજ્યસભા પહોંચ્યા છે. વિજયી ઉમેદવારોમાં ભાજપ, કોંગ્રેસ, આપ, રાલોદ, સપા, ઝામુમો, દ્રમુક, અન્નાદ્રમુક તથા વાઈએસઆર કોંગ્રેસ પાર્ટીઓ સિવાય એક અપક્ષ ઉમેદવાર સામેલ છે.

ઉત્તર પ્રદેશમાં ભાજપના આઠ સભ્યો સહિત ૧૧ ઉમેદવારો રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા છે. ભાજપના આઠ ઉમેદવારોમાં લક્ષ્મીકાંત વાજયેપી, ડો. રાધામોહન દાસ અગ્રવાલ, સુરેન્દ્ર નાગર, ડો. કે લક્ષ્મણ, મિથિલેશ કુમાર, બાબૂરામ નિષાદ, સંગીતા યાદવ તથા દર્શન સિંહ છે. તો કપિલ સિબ્બલ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. રાષ્ટ્રીય લોકદળના જયંત ચૌધરી પણ ચૂંટાયા છે. સપાના જાવેદ અલી ચૂંટાયા છે. ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચાના મહુઆ માજી અને ભાજપના આદિત્ય સાહૂએ વિજયી સર્ટિફિકેટ મેળવી લીધું છે.જયારે પંજાબની રાજ્યસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર બલબીર સિંહ સીચેવાલ અને સામાજિક કાર્યકર્તા વિક્રમજીત સિંહ સાહની પંજાબથી બિનહરીફ ચૂંટાયા છે.

મધ્યપ્રદેશથી વકીલ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિવેક તન્ખા, ભાજપના મહિલા નેતા કવિતા પાટીદાર અને સુમિત્રા વાલ્મીકિને રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટી લેવામાં આવ્યા છે. છત્તીસગઢમાં કોંગ્રેસના ઉમેદવાર રાજીવ શુક્લા અને રંજીત રંજન રાજ્યસભા માટે બિનહરીફ ચૂંટાયા છે. બિહારથી રાજ્યસભાની પાંચ સીટો માટે જદયૂ, ભાજપ અને રાજદના ઉમેદવાર ચૂંટાયા છે. જદયૂના ઉમેદવાર ખીરૂ મહતો, ભાજપના ઉમેદવાર સતીષ ચંદ્ર દુબે તથા શંભૂ શરણ પટેલ જયારે રાજદના ઉમેદવાર મીસા ભારતી અને ડો. ફૈયાઝ અહમદને જીતનું પ્રમાણ પત્ર આપવામાં આવ્યું છે.

# પાકિસ્તાને આપ્યા સંકેત, યાસીન મલિકનો મુદ્દો આંતરરાષ્ટ્રીય અદાલતમાં ઉઠાવશે

ઈસ્લામાબાદ,તા.૪

પાકિસ્તાન યાસીન મલિકના કેસને સંયુક્ત રાષ્ટ્ર અને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં લઈ જવાની તૈયારી કરી રહ્યું છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના કહેવાતા પ્રમુખ સુલતાન મહમૂદ ચૌધરીએ જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રન્ટના વડા યાસીન મલિકને ન્યાયી સુનાવણીના અધિકારથી વંચિત રાખવા અને ભારતીય અદાલત દ્વારા આજીવન કેદનો વિરોધ કરવા આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતને હાકલ કરી છે. અને તેને સંબંધિત ફોરમમાં ઉઠાવવા જણાવ્યું હતું.

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં આ મામલો ઉઠાવવાની તાકીદની જરૂરિયાત પર ભાર મુકતા ચૌધરીએ કહ્યું છે કે માત્ર ૨૨ દિવસ બાકી છે જેમાં યાસીન મલિકની સજા અને કેસની સમીક્ષા સામે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસમાં અપીલ દાખલ કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમુક મર્યાદાઓને કારણે પાકિસ્તાનની જમ્મુ અને કાશ્મીર સરકાર આંતરરાષ્ટ્રીય અદાલતમાં અપીલ દાખલ કરી શકતી નથી. તેમણે કહ્યું છે કે નિયમો અનુસાર માત્ર સભ્ય દેશોને જ કોર્ટનો સંપર્ક કરવાનો અને તેની સાથે અપીલ દાખલ કરવાનો અધિકાર છે.

યાસીન મલિકની પત્ની મુશાલ હુસૈન મલિકે કહ્યું છે કે તે યાસીનના જીવનને લઈને ચિંતિત છે. તેમણે કહ્યું છે કે પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટોએ આ મામલે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને પત્ર લખ્યો છે. તેણે કહ્યું છે કે આજીવન કારાવાસની સજા સામે આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં જવું જરૂરી છે કારણ કે ત્નદ્બદ્બન્ૈ નેતા ભારતના રહેવાસી ન હતા અને તેને ભારતીય કાયદા હેઠળ સજા થઈ રહી છે.

પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર, પાકિસ્તાનના વિદેશ પ્રધાન બિલાવલ ભુટ્ટો ઝરદારીએ કાશ્મીર પર આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન દોરવા માટે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસને પત્ર લખ્યો છે. ૩૧ મેના રોજ લખેલા આ પત્રમાં તેણે યાસીન મલિકનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે તે બીમાર છે અને ભારતીય જેલમાં તેની સાથે ક્રૂર વ્યવહાર કરવામાં આવી રહ્યો છે.

# અમેરિકા વંશિય હિંસા, હેટ ક્રાઈમ, ગન કલ્ચર પર અંકુશ મુકે: ભારત

નવીદિલ્હી,તા.૪

ધાર્મિક સ્વાતંત્ર્યના મુદ્દે ભારતની આકરી ટીકા કરતાં અમેરિકાના વિદેશ વિભાગના અહેવાલને ભારતે ફગાવી દીધો છે અને અમેરિકા પર વળતો હુમલો કર્યો છે. ભારતે જણાવ્યું છે કે તે કમનસીબ છે કે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં પણ મતબેન્કનું રાજકારણ રમવામાં આવે છે. ભારતે અમેરિકાને દર્પણ દેખાડતા જણાવ્યું હતું કે અમેરિકાએ વંશિય હિંસા, હેટ ક્રાઈમ અને ગન કલ્ચર પર અંકુશ મુકવો જોઈએ.

ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું હતું કે આ રીપોર્ટમાં ભારત અંગેના અવલોકનો પ્રેરિત અને પક્ષપાતી અભિપ્રાય આધારિત છે. અગાઉ અમેરિકાના વિદેશ પ્રધાન એન્ટની બ્લિકને આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વાતંત્ર્ય અંગેનો વાર્ષિક અહેવાલ જારી કર્યો હતો, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ૨૦૨૧ના સમગ્ર વર્ષ દરમિયાન હત્યાઓ, હુમલા અને ધાકધમકી સહિત લઘુમતી સમુદાયોના સભ્યો પર હુમલા થયા હતા. બાગચીએ જણાવ્યું હતું કે તે કમનસીબ છે કે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં મતબેન્કનું રાજકારણ રમવામાં આવે છે. અમે અનુરોધ કરીએ છીએ કે ઈરાદાપૂર્વકના અને પક્ષપાતી અભિપ્રાય આધારિત અવલોકનો ટાળવા જોઈએ.બાગચીએ જણાવ્યું હતું કે બહુવિધ સમુદાયો સાથે ભારત ધાર્મિક સ્વતંત્રતા અને માનવાધિકારનું મૂલ્ય સમજે છે.અમેરિકા સાથેની ચર્ચા દરમિયાન અમે અમેરિકામાં નિયમિત ધોરણે થતાં વંશિય હુમલા, હેટ ક્રાઈમ અને ગન કલ્ચર સહિતના મુદ્દાને હાઈલાઈટ કરીએ છીએ.

# ઘરનું સરનામુ લોક કલ્યાણ માર્ગ રાખવાથી લોકોને ફાયદો નથી : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી દેશમાં વધતી મોંઘવારી, બેરોજગારી સહિત અનેક મુદ્દાઓ પર કેન્દ્રની મોદી સરકાર પર વારંવાર પ્રહારો કરતા રહ્યા છે. આ વખતે ફરી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ વધતી મોંઘવારી અને બેરોજગારીના મુદ્દે કેન્દ્રની મોદી સરકારને ઘેરી છે. તેમણે કહ્યું કે ઘરનું સરનામું કલ્યાણ માર્ગ રાખવાથી કોઈને ફાયદો થતો નથી.

રાહુલ ગાંધીએ મોંઘવારી માટે સીધો કેન્દ્ર સરકારને જવાબદાર ગણાવ્યો હતો. કોંગ્રેસ નેતાએ મોદી સરકારને ભીંસમાં લેતા કહ્યું કે ઘરનું સરનામું લોક કલ્યાણ માર્ગ રાખવાથી કોઈને ફાયદો નથી થતો. દેશમાં મોંઘવારી વધી છે અને લોકોની આવક ઘટી રહી છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને લખ્યું, “ગૃહનું સરનામું ‘લોક કલ્યાણ માર્ગ’ રાખવાથી લોકોને ફાયદો થતો નથી. વડાપ્રધાને સાડા ૬ કરોડ કર્મચારીઓના વર્તમાન અને ભવિષ્યને બરબાદ કરવા માટે ‘મોંઘવારી, કમાણી’ વધારી છે. . રીડ્યુસ મોડલ લાગુ કરવામાં આવ્યું છે.”

આ પહેલા રાહુલ ગાંધીએ જમ્મુ-કાશ્મીરને લઈને કેન્દ્રની મોદી સરકારને ઘેરી હતી. તેમણે ટ્વીટ કરીને કહ્યું હતું કે બેંક મેનેજર, શિક્ષકો અને ઘણા નિર્દોષ લોકો દરરોજ માર્યા જાય છે, કાશ્મીરી પંડિતો હિજરત કરી રહ્યા છે. જેમને તેમની સુરક્ષા કરવી છે, તેમની પાસે ફિલ્મના પ્રચાર માટે સમય નથી. ભાજપે કાશ્મીરને માત્ર પોતાની સત્તાની સીડી બનાવી છે. કાશ્મીરમાં શાંતિ સ્થાપવા માટે તાત્કાલિક પગલાં લો, વડા પ્રધાન.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ પહેલા ૧ જૂનના રોજ પણ ટ્વિટ કરીને ભાજપ પર પ્રહારો કર્યા હતા. પોતાના ટ્વિટમાં તેમણે લખ્યું કે કાશ્મીરમાં છેલ્લા ૫ મહિનામાં ૧૫ સુરક્ષા જવાનો શહીદ થયા છે અને ૧૮ નાગરિકોના મોત થયા છે. શિક્ષકની હત્યા કરવામાં આવી હતી.

## તંત્રી સ્થાનેથી...

# બગડતી સ્થિતિ

કાશ્મીરના કુલગામ જિલ્લામાં બેંક મેનેજર વિજય કુમારની હત્યા બાદ ઘાટીમાંથી કાશ્મીરી હિંદુઓ જ નહીં, બલ્કે અન્ય બિનમુસ્લિમોના પલાયનનો ખતરો પણ વધી ગયો છે. રાજસ્થાનના રહેનારા વિજય કુમારને જે રીતે બેંકમાં ઘૂસીને ગોળી મારી દેવાઈ, તેનાથી એ સ્પષ્ટ છે કે આતંકીઓ અલ્પસંખ્યકોને વીણી-વીણીને નિશાનો બનાવવા તત્પર બન્યા છે - તે ચાહે કાશ્મીરી હિંદુ હોય કે એ લોકો, જે કામધંધા કે નોકરી માટે ઘાટીમાં રહેતા હોય. ધ્યાન રહે કે આ જ કુલગામ જિલ્લામાં મંગળવારે દલિત હિંદુ શિક્ષિકા રજનીબાળાની હત્યા કરી દેવાઈ હતી. તેમનો પરિવાર ૧૯૯૦માં ઘાટીથી પલાયન બાદ જમ્મુમાં રહેતો હતો. થોડાં વર્ષ પહેલાં તેમને કેન્દ્ર સરકારના એક વિશેષ પેકેજ અંતર્ગત કુલગામમાં નોકરી મળી હતી. આતંકીઓએ તેમને તેમની સ્કૂલમાં ઘૂસીને ગોળી મારી દીધી. તેના પહેલાં કંઇક આ જ રીતે બડગામમાં તાલુકા કર્મચારી રાહુલ ભટ્ટની હત્યા કરી દેવામાં આવી હતી. જોકે કાશ્મીરી હિંદુઓના ટાર્ગેટ કિલિંગનો સિલસિલો ગયા વર્ષે ઓક્ટોબરથી કંઇક વધારે તેજ બન્યું છે, તેથી તેઓ ભયના ઓથાર હેઠળ જીવે તે સ્વાભાવિક છે. રાહુલ ભટ્ટ અને પછી રજનીબાળાની હત્યા બાદ ઘાટીમાં નોકરી કરી રહેલા કેટલાય કાશ્મીરી હિંદુઓ જે રીતે ભયભીત થઈને જમ્મુ આવી ગયા છે, તે ગંભીર ચિંતાની વાત છે. કાશ્મીરી હિંદુઓને ઘાટીમાં ફરીથી વસાવવાની કોશિશ વચ્ચે ઘાટીમાં એવી હાલત પેદા થવી ઠીક નથી કે ત્યાં વધ્યા-ઘટ્યા કાશ્મીરી હિંદુ પલાયન કરવા માટે વિવશ બની જાય.

ભલે જમ્મુ-કાશ્મીર પ્રશાસન કાશ્મીરી હિંદુઓને આશ્વાસન આપી રહ્યું હોય, પરંતુ તેની કોઈ ખાસ અસર એટલા માટે નથી પડવાની, કારણ કે તેમને વીણી-વીણીને નિશાનો બનાવવાનું ચાલુ છે. તેનાથી તેમની ધીરજ ખૂટી રહી છે. એ સાચું છે કે કાશ્મીરી હિંદુઓને નિશાનો બનાવી રહેલા આતંકીઓને શોધીને મારી નાખવામાં આવે છે, પરંતુ એ સમજવું જોઇએ કે જો તેઓ આ જ રીતે કાશ્મીરી હિંદુઓને મારતા રહ્યા તો પછી તેના માટે ત્યાં રહેવું મુશ્કેલ હશે. એટલા માટે, કારણ કે કથિત કાશ્મીરિયતની વાત કરનારા રાજકીય પક્ષ કાશ્મીરી હિંદુઓની હત્યાઓની નિંદા કરીને કર્તવ્ય પૂરું થયાનું માની લે છે. આખરે આ કેવી કાશ્મીરિયત છે, જે ઘાટીના હિંદુઓ સાથે દરેક એ કાશ્મીરીના જીવની દુશ્મન બની ગઈ છે, જે ભારતની વાત કરે છે? સવાલ એ પણ છે કે આતંકીઓને ઘટના બનતાં પહેલાં જ શોધીને મારવાની રણનીતિ કેમ નથી અપનાવાતી? જો કાશ્મીરની બગડતી હાલત સંભાળવી હોય તો આતંકીઓ સાથે તેમને આશ્રય-સહયોગ આપનારા લોકોને પણ નિર્મમતાથી કચડી નાખવા પડશે, કારણ કે સ્થાનિકોના સહયોગ વગર આતંકી ઘટનાઓને અંજામ આપવો ખૂબ મુશ્કેલ કામ બની જાય

# ચમત્કાર આજે પણ થાય છે.

આજકાલ મનુષ્યની બુદ્ધિ બગડેલી છે તેથી શાસ્ત્રનાં વચન સમજી શકતો નથી.ઋષિઓએ લખ્યું છે તે બરાબર છે કે પુસ્તકો વાંચી જ્ઞાની થઈ ગયેલાઓ વાતો બહુ કરે,ચર્ચા બહુ કરે પણ ભક્તિ ના કરે કે સાધન ના કરે તો અનુભવ ક્યાંથી થાય? બહુ ભણેલા જ્ઞાની લોકો એક શબ્દના અનેક અર્થ કરે છે.વધુ પડતા તર્ક કરે છે. કહે છે કે "પહેલાં તમારા પ્રભુ કંઇક ચમત્કાર કરે પછી હું તેમની પૂજા કરૂં" જાદુગરને પૈસાની જરૂર છે એટલે ચમત્કાર બતાવે છે.કોઈ મહાત્મા ક્યારેક જો બુદ્ધિપૂર્વક ચમત્કાર બતાવે તો તે પણ પૈસાના પુજારી હશે. ઈશ્વરને કોઈની કે કશાની જરૂર નથી તો પછી તે શું કામ ચમત્કાર બતાવે? જેમને જરૂર છે તે ખુબ શ્રદ્ધાથી ઈશ્વરના સેવા સ્મરણ કરે તો પછી જીવનમાં કેવું પરિવર્તન થાય છે તે જુઓ તે અનુભવ એ સહુથી મોટો ચમત્કાર છે. વ્યવહારનો કાયદો છે કે પહેલાં ચમત્કાર પછી નમસ્કાર પણ ઈશ્વરને ત્યાં પહેલાં નમસ્કાર પછી ચમત્કાર. ચમત્કાર વિના જ નમસ્કાર એ વિનય છે માનવતા છે.ચમત્કાર પછી નમસ્કાર એ જ્ઞાનનું અભિમાન છે.જરા વિચાર કરો..આ જગત એ જ મોટો ચમત્કાર છે.ફૂલમાં સુગંધ કેવી રીતે રાખી હશે? એક નાનાં બીજમાંથી એક મોટો વટવૃક્ષ કોણ બનાવે છે? બાળક માટે માતાના સ્તનમાં દૂધ કોણ તૈયાર કરે છે? (ક્યાંય બહાર લેવા જવાની જરૂર નહિ,ગરમ કરવાની જરૂર નહિ



કે ખાંડ નાખવાની જરૂર નહિ) મોરના ઈંડામાં અને પતંગિયામાં આટઆટલા રંગ કોણ પૂરે છે? દરિયા કિનારે ખારા પાણી આગળ ઉભેલી નારિયેળીના નારિયેલમાં મીઠું પાણી કેવી રીતે અને કોણ ભરે છે? આ આખું જગત પરમાત્માના અનેક ચમત્કારોથી ભરપુર છે છતાં ભણેલા માણસો પોતાને બુદ્ધિશાળીમાં ગણાવતા મનુષ્યો ચમત્કારની આશા રાખી બેઠા હોય છે.બહુ ભણેલો ના હોય હોય તો તે ચમત્કાર વગર પણ નમસ્કાર કરે છે. અભણ મનુષ્ય શ્રદ્ધા રાખે છે.બહુ ભણેલાને શ્રદ્ધા થતી નથી.વ્યવહારમાં પણ શ્રદ્ધા રાખવી પડે છે. ડોક્ટરોના બધા કેસ સારા થતાં નથી તેમ છતાં તે સારૂ કરશે જ એવી શ્રદ્ધા રાખવી પડે છે.ડોક્ટરને જઈને કોઈ કહે કે પહેલાં ચમત્કાર બતાવો તો તે બતાવી શકે નહિ.ડોક્ટરમાં વિશ્વાસ ના રાખો તો તે દવા આપે નહિ અને દવા પેટમાં ન જાય ત્યાં સુધી રોગ જતો નથી.આવી જ રીતે સેવા માર્ગમાં પરમાર્થમાં શ્રદ્ધા રાખવી પડે છે.

બહુ ભણેલાના મનમાં તર્ક-વિતર્ક બહુ થાય છે કે ભગવાન ક્યાં આરોગે છે? જો આરોગતા હોય તો પ્રસાદ ઓછો કેમ થતો નથી? પરમાત્મા રસ-સ્વરૂપ છે, રસ-ભોક્તા છે. ભગવાનને ભોગ ધરાવો તે તેમાંથી રસ-સાર ખેંચી લે છે, રસરૂપે આરોગે છે એટલે ભોગ સામગ્રી ઓછી થતી નથી.પ્રસાદ ઓછો થતો નથી. એક ગુલાબના ફૂલનું વજન કરો પછી તેણે પચાસ વાર સુંઘો અને ફરી તેનું વજન કરો તો તેનું વજન ઓછું થતું નથી તેથી એમ કેમ કહેવાય કે સુવાસ લીધી નથી?

જ્યાં સાધારણ પ્રેમ છે ત્યાં પરમાત્મા પરોક્ષ રીતે રસરૂપે સુગંધ રૂપે આરોગે છે પણ જ્યાં અતિશય પ્રેમ હોય ત્યાં પરમાત્મા પ્રત્યક્ષ આરોગે છે.મીરાંબાઈ ભોગ ધરતા તે પરમાત્મા પ્રત્યક્ષ આરોગતા. આપણા જેવા સાધારણ માનવીઓ જે ભોગ ધરે તેમાંથી પરમાત્મા રસ ખેંચી લે છે,સુગંધ ખેંચી લે છે. અત્યારના જમાનામાં તો જો ભગવાન ખરેખર આરોગવા લાગે તો કોઈ ભોગ ધરાવે કે કેમ તેમાં શંકા છે. અભણને શ્રદ્ધા હોય છે પણ બહુ ભણેલાઓને શ્રદ્ધા થતી નથી તે બહુ તર્ક ઉભા કરે છે પણ ભક્તિના આરંભમાં શ્રદ્ધા રાખવી જ પડે છે.શ્રદ્ધા વગર ભક્તિ થતી નથી.ભક્તિ વધે પછી અનુભવ થાય છે અને આ અનુભવ એ જ મોટોમાં મોટો ચમત્કાર છે.પ્રેમથી નમસ્કાર થાય તો ચમત્કાર જોવા મળે છે. ચમત્કાર હંમેશાં કોઈ દૈવી શક્તિને લીધે બને છે.આ દૈવી તત્વ કોઈ દેવ કે ઈશ્વર પણ હોઈ શકે અથવા કોઇ સિદ્ધ કે સંત પણ હોઈ શકે.તમામ ધર્મોમાં ચમત્કારો થાય છે.સૂર્યની ગતિને અટકાવવી, વરસાદ લાવવો, સમુદ્રનું પાન કરી જવું, મરેલાને જીવતો કરવો કે જીવંત વ્યક્તિને શાપ અથવા મંત્રથી મારવી, વિવિધ રૂપ ધારણ કરવાં, સ્ત્રીનો પુરૂષ કે પુરૂષની સ્ત્રી બને, પરકાયાપ્રવેશ કરવો, આકાશમાં ઊડવું, અદ્રશ્ય થવું, ખાલી જગા કે હાથમાંથી અન્ન વસ્ત્ર અલંકાર ફળફૂલ.. વગેરે કાઢવાં, દિવસની રાત કરવી કે રાતનો દિવસ કરવો, અન્યના વિચારો જાણવા, અંધને દ્રષ્ટિ મળે..વગેરે જેવી ઘટનાઓ ચમત્કાર ગણાય છે. ધર્મગ્રંથો-સંતોનાં ચરિત્રોમાં તથા ઈતિહાસમાં ચમત્કારોનું વર્ણન છે.આદિગુરૂ શંકરાચાર્યે કરેલો પરકાયા પ્રવેશ, રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને શક્તિપાતથી કરાવેલાં મહાકાલીનાં દર્શન, ભીષ્મનું ઈચ્છા મૃત્યુ, સંજયને મળેલાં દિવ્યચક્ષુ, અસહાય દ્રૌપદીને મળેલો અખૂટ વસ્ત્ર પુરવઠો, જયદ્રથવધ સમયે અકાળે સૂર્યાસ્ત, અત્રિપત્ની અનસૂયાએ તપોબળથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળકો બનાવી દીધાની ઘટના જેવી અસંખ્ય ચમત્કારિક ઘટનાઓ હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલ છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સમસ્ત મહાજન દ્વારા આપણું ગામ, ગોકુળ ગામ યોજના

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' ના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બરશ્રી ગિરીશભાઈ શાહના માર્ગદર્શનમાં 'આપણું ગામ ગોકુળગામ' યોજના અંતર્ગત ગ્રામ સ્વાવલંબનનો પાયો છે ગૌચર વિકાસ, જળસંરક્ષણ અને વિશાળ પાયે દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ, ગૌચર વિકાસમાં ગામનું ગૌચર ગાંડા બાવળથી મુક્ત થાય અને ઘાસચારાથી ગામના અબોલ જીવોને શાતા મળે. જળસંરક્ષણ અંતર્ગત ગામના તમામ નદી, નાળાં, તળાવ, ગાંડા બાવળ મુકત થઈ ચોખ્ખાં અને ઉંડા થાય. વરસાદનું ટીપેટીપું ગામમાં જ સચવાઈ જાય. દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ, પક્ષીને ચણ મળે, પશુને છાંયો મળે, જમીનને ભેજ મળે, વરસાદ પણ ખેંચીને લાવે. વડ, પીપળ, આંબો, આંબલી, લીમડો, જાંબુ, ઉંબરો, અર્જુન, કરંજ જેવાં દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ કરી, તેને ત્રણ વર્ષ પ્રેમપૂર્વક ઉછેરી મોટાં કરવાની સંપૂર્ણ જવાબદારી સમસ્ત મહાજન નિભાવશે. આ યોજનામાં જોડવવાનો સૌથી સહજ સરળ ઉપાય તથા એક ગામને ગોકુળિયું બનાવવાનો ખર્ચ એક ગામમાં ૩૩૦૦ દેશી વૃક્ષોનું વૃક્ષારોપણ અને ત્રણ વરસ સુધીના ઉછેરની જવાબદારી સાથે ગૌચર ચોખ્ખું કરવાનું કામ અને જળ સંરક્ષણના કાર્યો પણ આ યોજના હેઠળ થશે. ૩૩૦૦ દેશી વૃક્ષો માટે પ્રતિવૃક્ષ રૂા. ૩,૦૦૦ આપીને, સંપૂર્ણ લાભ લઈને ગામને નંદનવન બનાવી શકાય છે. ગ્રામજનો પોતાની ખેતીની જમીનના પ્રતિ એકર રૂા. ૧,૦૦૦ આપે, પશુપાલકો પોતાના પશુધન દીઠ રૂા. ૧૦૦૦ આપે, દાતાઓ એક વૃક્ષ દીઠ રૂા. ૩,૦૦૦ આપીને ૩૩૦૦ વૃક્ષ નોંધાવે, એનાથી ગામનાં ગૌચર, તળાવ, વૃક્ષોનાં તમામ કાર્યો પરિપૂર્ણ થાય, યોજનાથી ગામની કાયાપલટ થવા સાથે પશુપાલન માટે અગત્યનાં ચારાપાણી પણ ગામમાં જ સહજ ઉપલબ્ધ થશે.

ગૌચર, તળાવ, દેશી વૃક્ષો અબોલ જીવોની જીવાદોરી છે. સમસ્ત મહાજનને અપાતુ દાન ઈક્મ ટેકસની કલમ-૮૦ જી હેઠળ કરમુકિતને પાત્ર. સંસ્થા એફસીઆરએ અને સીએસઆર ફંડ સ્વીકારને પણ પાત્ર છે સમસ્ત મહાજનને ઉપરોકત વિવિધ યોજનાઓમાં દાન મોકલી શકાય છે. સમસ્ત મહાજનને દાન મોકલવા માટે આપનો ચેક SAMAST MAHAJAN, ના નામનો લખવો સમસ્ત મહાજન, ૪૦૯, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪, ઈમેઇલ : samastmahajan9@gmail.com / www.samastmahajan.org. આ યોજના અંગેની વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), દિપકભાઈ ભેદા (મો.૯૮૨૦૨ ૭૧૫૧૩), ગીરીશભાઈ સત્રા (મો. ૯૮૨૦૧ ૬૩૯૪૬) પર સંપર્ક કરવા મિતલ ખેતાણીની યાદીમાં જણાવાયું છે.

# ધોરણ-૧૨ના પરિણામમાં સુરતમાં રત્નકલાકારની દીકરી ઝળકી, ગોપી વઘાસીયાને ૯૬.૨૮ સાથે એવન ગ્રેડ મળ્યો

સુરત,તા.૪

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વખતે પણ વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. સુરતમાં આ વર્ષે ૬૪૩ વિદ્યાર્થીઓ એ ૧ ગ્રેડ પાસ થયા છે. જેમાં સુરત આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલના વિદ્યાર્થીઓ મેદાન મારી ગયા છે. સુરતના આશાદીપ સ્કૂલના એ૧ ગ્રેડમાં ૧૪૩ વિદ્યાર્થીઓ આવ્યા છે. આ શાળામાં અભ્યાસ કરતી રત્નકલાકર પરિવારની વિદ્યાર્થિની ગોપી વઘાસીયા પ્રથમ આવી છે. ગોપી વઘાસીયાને ૯૬.૨૮ સાથે એવન ગ્રેડ મળ્યો છે.રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના ગુંદાશ્રી ગામના વતની ચીમનભાઈ વઘાસીયાની પુત્રી ગોપીએ ધોરણ-૧૨માં એ વન ગ્રેડ મેળવવાની સાથે પરિવારનું નામ રોશન કર્યું છે. પિતા ઘણા વર્ષોથી સુરતમાં હીરા ઘસવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પોતાનીમહેનત વિશે ગોપીએ જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા કોરોનાનો સમય હોવાથી ઓનલાઇન અભ્યાસની સાથે સાથે હોશિયાર વિદ્યાર્થીઓનું સોશિયલ મીડિયામાં ગ્રુપ બનાવ્યું હતું. જેમાં એકબીજા પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરતા હતા. અમે આઠથી દસ કલાક મહેનત કરતા હતા. શિક્ષકો અને માતા-પિતાનો પૂરતો સપોર્ટ મળ્યો હતો.




## માઇભક્તે અંબાજી માતાને સવા પાંચ લાખનો સુવર્ણ મુગટ અર્પણ કર્યો

અંબાજી,તા.૪

અમદાવાદના એક માઈભક્તે માતાજીને સોનાનો મુગટ દાન કર્યો હતો. પવિત્ર યાત્રાધામ અંબાજીમાં દાનની સરવણી અવીરત ચાલું છે. યાત્રાધામ અંબાજી ગોલ્ડન ટેમ્પલ તરીકે અગ્રેસર જોવા મળી રહ્યું છે. માઈભક્તો દ્વારા સોનાના દાનનો અવિરત પ્રવાહ ચાલું રાખવામાં આવ્યો છે. જેમાં આજે અંબાજી મંદિરને એક ભક્ત દ્વારા સોનાનો મુગટ દાનમાં આપવામાં આવ્યો છે. અમદાવાદના માઇ ભક્તે ૫.૧૮ લાખની કિંમતનું ૧૧૮.૭૫ ગ્રામ જેટલા સોનાનું મુગટનું દાન કર્યુ હતું. અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે.

અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે. અનેક શ્રદ્ધાળુઓની માનતા પુરી થતાં પણ સોનું ચઢાવી રહ્યા છે. ત્યારે થોડા દિવસો પહેલા લુણાવાડાના માઈભક્તે મા અંબાને સોનાનો મુગટ ભેટ ધર્યો હતો. પરિવારે માતાજીના દર્શન પૂજા અર્ચના કરી રૂ.૩,૪૮,૬૭૨ કિંમતનો ૭૨.૬૪૦ મિલીગ્રામ વજનનો સુવર્ણ મુગટ માતાજીના ચરણમાં ભેટ ધર્યો હતો અને ધન્યતા અનુભવી હતી. જોકે માઈ ભક્તે પોતાનું નામ જાહેર કરવાનો ઈક્રાર કર્યો હતો. માં અંબાના ધામમાં અનેક શ્રદ્ધાળુઓ ગુપ્તદાન પણ કરતા હોય છે.

માઈભક્ત દ્વારા મા અંબાને ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરાયું હતું. અંદાજીત ૨૪ લાખ ૫૦ હજાર રૂપિયાનું સોનાનું દાન માઈભક્તે આપ્યું હતું. સુપ્રસિદ્ધ વિશ્વ વિખ્યાત અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની એક નેમ છે જેની કામગીરી થઈ રહી છે. અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે. ત્યારે અમદાવાદના નવનીતભાઈ શાહ નામના માઈ ભક્તે ૫૦૦ ગ્રામ સોનાનું દાન કર્યું હતું.

# અમદાવાદ જિલ્લાના ૪,૯૬,૦૦૬ રાશનકાર્ડ ધારકોને મળ્યો પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ

## અમદાવાદ જિલ્લાના ૧,૩૩,૬૧૭ બીપીએલ તથા ૪૫,૫૦૨ અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓ ઉપરાંત ૩,૧૬,૮૮૭ એપીએલ કાર્ડધારકોને પણ મળ્યો PMGKA યોજનાનો લાભ

કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સમયમાં પણ દેશમાં કોઈએ ભૂખ્યું ન સૂવું પડે, એની માત્ર ચિંતા જ નહિ, પરંતુ સુચારુ વ્યવસ્થા ભારત સરકાર દ્વારા રાજ્ય સરકારોના સહયોગથી કરવામાં આવી. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બાળપણમાં ગરીબી અને ગરીબોને ખૂબ નજીકથી જોયા છે, એટલે તેઓ તેમની પીડા સારી રીતે સમજી શકે છે. એમાંય કોરોના મહામારી અને લોકડાઉન વચ્ચે ધંધા-વ્યવસાય ઠપ થતાં મધ્યમ વર્ગના કેટલાય પરિવારોની આર્થિક સ્થિતિ પણ કથળવા પામી હતી. આ સ્થિતિને સમજીને સરકારે ગરીબોની સાથે સાથે મધ્યમ વર્ગના લોકોની પણ કાળજી લીધી અને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) દ્વારા દર મહિને વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ તમામ રાશનકાર્ડ ધારક પરિવારોને મળી રહે, એ સુનિશ્ચિત કરવામાં આવ્યું. કોરોનાકાળમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના(PMGKAY)એ 'સૌને અન્ન, સૌને પોષણ'ના મંત્રને સાર્થક કરીને દુનિયામાં એક દાખલો બેસાડેલો છે કે સરકાર જો સંવેદનશીલ અને સાહસિક હોય તો સમાજમાં કોઈને ભૂખ્યું ન સૂવું પડે. કોરોનાની સમાજજીવન અને અર્થતંત્ર પર અસર પડતાં તરત જ કેન્દ્ર સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૦માં PMGKA યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો.

ગુજરાત સરકાર દ્વારા ૧ એપ્રિલ, ૨૦૧૬થી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩નું અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત રાજયનાં અંત્યોદય અન્ન યોજના (છછરૂ) હેઠળના કાર્ડધારકો તથા અગ્રતા ધરાવતા

કુટુંબો ( Priority House Hold- PHH)ને સમાવીને સસ્તા દરે અનાજ-કઠોળ આપવામાં આવે છે.

PMGKAY અંતર્ગત બીપીએલ અને અંત્યોદય અન્ન યોજના અને અગ્રતા ધરાવતા પરિવારો ઉપરાંત ગરીબી રેખાથી ઉપરના મધ્યમ વર્ગના રાશન કાર્ડ ધરાવતા તમામ પરિવારોને વ્યક્તિદીઠ પાંચ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આપવાની વ્યવસ્થા કરવામાં આવી.

અમદાવાદ જિલ્લામાં આ યોજનાના સુદૃઢ અમલીકરણ માટે તંત્ર દ્વારા ફળદાયી પ્રયાસો કરવામાં આવ્યા છે. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત નોંધાયેલા તમામ રાશનકાર્ડ ધારકોને એપ્રિલ-૨૦૨૦થી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે. એપ્રિલ-૨૦૨૨ દરમિયાન આ યોજના અંતર્ગત કુલ ૪,૯૬,૦૦૬ રાશનકાર્ડ ધારકોએ PMGKA યોજનાનો લાભ મેળવ્યો છે. આંકડામાં જરા ઊંડા ઊતરીએ તો અમદાવાદ શહેરના કુલ ૬૫,૫૮૭ બીપીએલ પરિવારો તથા ૨૦,૯૭૮ અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓ ઉપરાંત ૨,૩૭,૯૭૨ એપીએલ-૧ વર્ગના રાશનકાર્ડ ધારકોએ સ્દ્બછ યોજના અંતર્ગત વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ મેળવ્યું છે. અમદાવાદ ગ્રામીણ વિસ્તારના આંકડા જોઈએ તો ૬૮,૦૩૦ બીપીએલ કાર્ડ ધારકો અને ૨૪,૫૨૪ અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓ ઉપરાંત ૭૮,૯૧૪ એપીએલ-૧ કાર્ડ ધારકો અને એપીએલ-૨માં આવતા એક પરિવારે આ યોજનાનો લાભ મેળવ્યો છે. આમ, સમગ્ર અમદાવાદ જિલ્લાની વાત કરીએ કુલ ૧,૩૩,૬૧૭ બીપીએલ પરિવારો, ૪૫,૫૦૨ અંત્યોદય અન્ન યોજનાના લાભાર્થીઓ ઉપરાંત ગરીબી રેખાની ઉપર આવતાં હોય એવા કુલ ૩,૧૬,૮૮૭ એપીએલ કાર્ડ ધારકો સુધી આ યોજના થકી દર મહિને અન્ન પહોંચાડવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કોરોનાની બીજી લહેરના કારણે ઉદભવેલ પરિસ્થિતિના કારણોસર કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાને ફરી લાગુ પાડવામાં આવી હતી. જે અંતર્ગત ત્રીજા તબક્કામાં મે અને જૂન-૨૦૨૧, ચોથા તબક્કામાં જુલાઈથી નવેમ્બર-૨૦૨૧ એમ પાંચ મહિના અને પાંચમા તબક્કામાં ડિસેમ્બર-૨૦૨૧થી માર્ચ-૨૦૨૨ એમ ચાર મહિના મળી સમગ્ર વર્ષ દરમિયાન મે-૨૦૨૧થી માર્ચ-૨૦૨૨ એમ કુલ અગિયાર માસ દરમિયાન રાહત દર મળવાપાત્ર નિયમિત રાશનના લાભ ઉપરાંત પ્રતિ માસ વ્યક્તિદીઠ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ પાંચ(૫) કિલો વધારાના અનાજનો જથ્થો વિનામૂલ્યે પૂરો પાડવામાં આવ્યો છે. વર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન આ યોજનાને વધુ છ માસ માટે લંબાવવામાં આવી છે. જે દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા ઘઉં તથા ચોખાના પ્રમાણમાં મે-૨૦૨૨થી આ યોજના હેઠળ લાભાર્થીને મળવાપાત્ર નિયમિત રાશનના લાભ ઉપરાંત પ્રતિ માસ વ્યક્તિ દીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ પાંચ (૫) કિલો અનાજના વધારાના રાશનનો લાભ વિનામૂલ્યે મળી રહ્યો છે.

આ યોજનામાં ભારત સરકાર તરફથી અનાજ તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ના નોર્મ્સ મુજબ ટ્રાન્સપોર્ટ, લેબર, કમિશન અંતર્ગત અન્ય આનુસાંગિક ખર્ચ મળે છે. પરંતુ નોર્મ્સ ઉપરાંતનો વધારાનો ખર્ચ ૧૦૦ ટકા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ વન નેશન વન રાશનકાર્ડ યોજનાના લાભાર્થીઓ પણ કોઈ પણ રાજ્ય કે જિલ્લામાંથી મેળવી રહ્યા છે.

આલેખનઃ દિવ્યેશ વ્યાસ

# બનાસકાંઠાના ડીસા તાલુકાનાં ગેનાજી ગોલિયાં ગ્રામ પંચાયતમાં શૌચાલય કોભાંડ સામે આવ્યું

ડીસા,તા.૪

સરકારે સામાન્ય માણસની સુવિધા માટે શૌચાલય તો બનાવ્યા. સારામાં સારી યોજના લાવીને સ્વચ્છ ભારત માટે વિકાસલક્ષી કાર્ય કરવાનું જાહેર કર્યું પરંતુ તે જ સરકારના કેટલાક અધિકારીઓના વાંકે સામાન્ય નાગરિક અનેક સુવિધાઓથી વંચિત રહે છે. તાજેતરમાં બનાસકાંઠાના ડીસા તાલુકાનાં ગેનાજી ગોલિયાં ગ્રામ પંચાયતમાં શૌચાલય કોભાંડ આચારાયું હોવાનું જાણવા મળ્યું છે.

વધુ વિગત અનુસાર અહીં મૃતકોના નામે ખોટા રેકર્ડ પર શૌચાલય બનાવ્યાંનું કૌભાંડ સામે આવ્યું છે.આ સમગ્ર ઘટનાની જાણ ગ્રામજનોએ કરતા સમગ્ર મામલો સામે આવ્યો છે.જાગૃત ગ્રામજનોએ જિલ્લાના વિકાસ અધિકારીને રજુઆત કરતા જિલ્લાના વિકાસ અધિકારી એ આપ્યા આ મામલે તપાસના આદેશ આપ્યાં છે. એટલું જ નહીં તપાસમાં ગેરરીતિ જણાતા જવાબદાર કર્મચારી-અધિકારીઓ સામે આકરાં પગલાં ભરવાની પણ જિલ્લા વિકાસ અધિકારીએ સૂચના આપવાની ફરજ પડી છે. બનાસકાંઠા જિલ્લામાં શૌચાલય કૌભાંડ વાસ્તવમાં કર્મચારીઓ અને અધિકારીઓ માટે કલંકજનક વાત છે. આ કૌભાંડમાં કાગળ પર બનેલા શૌચાલય ખરેખર અસ્તિત્વમાં જ નથી. ત્યારે આખરે જનતાએ જાગૃત બનીને આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરતાં જિલ્લા વિકાસ અધિકારી ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામમાં બનેલા શૌચાલયની તપાસ ના આદેશ આપ્યા બાદ આજે જિલ્લા વિકાસ અધિકારી સ્થળ પર જઈ આજે જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જિલ્લાના વિકાસ અધિકારી એ આપ્યા આ મામલે તપાસના આદેશ આપ્યાં છે. એટલું જ નહીં તપાસમાં ગેરરીતિ જણાતા જવાબદાર કર્મચારી-અધિકારીઓ સામે આકરાં પગલાં ભરવાની પણ જિલ્લા વિકાસ અધિકારીએ સૂચના આપવાની ફરજ પડી છે. આ આદેશને પગલે ગેનાજી ગોળીયા ગામમાં ગેરરીતિ આચરનાર કર્મચારીઓ-અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# ભાજપાના પ્રાથમિક સદસ્યતા અભિયાન તેમજ અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા વર્કશોપ યોજાયો.



૩ જૂન ૨૦૨૨, શુક્રવારના રોજ ભાજપાના પ્રાથમિક સદસ્યતા અભિયાન તેમજ અલ્પકાલીન વિસ્તારક યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ભૈરવનાથ પાટી પ્લોટ, રાયસણ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મહાનગરના પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, ડૅ.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ગૌરાંગ પટેલ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગુડાના પૂર્વ ચેરેમનશ્રી આશિષ દવે, સંગઠનના હોદ્દેદારો તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લા બક્ષીપંચ મોરચાની કારોબારી ની મીટીંગ શનિવારે યોજવામાં આવી

લીમખેડા તાલુકાના દેગાવાડા બક્ષીપંચ આશ્રમ શાળાના પટાંગણમાં દાહોદ જિલ્લા બક્ષીપંચ મોરચાની કારોબારી ની મીટીંગ શનિવારે યોજવામાં આવી જેમાં ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા જે કામો થયા છે તે કામોનો છેવાડાના માનવી સુધી પહોંચે છે તે બાબતની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી

હજુ આવતા સમયમાં છેવાડાના માણસ સુધી સરકારી સહાય અને યોજનાઓ કેવી રીતે પહોંચાડાઈ તે બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી છે આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકર્તાઓ અને મહેમાનોને સંબોધતા પૂર્વ મંત્રી દેવગઢ બારીયા ના ધારાસભ્ય બચુભાઈ ખાબડ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે છેવાડા અને ગરીબ માણસને હંમેશા કાળજી લીધી છે અને તેના દરેક સમસ્યાનો સમાધાન શોધવા માટે પ્રયત્ન નહીં પરિશ્રમ પણ કર્યો છે દાહોદ જિલ્લો બક્ષીપંચ સમાજની પણ વસ્તી ધરાવે છે અને સરકારની ઉજવલા યોજના પણ સૌથી વધુ લાભ મળ્યો છે સરકારની વિવિધ લક્ષી યોજનાઓ ની વિસ્તૃત માહિતી પણ આપી હતી આ પ્રસંગે જિલ્લા પ્રમુખશંકરભાઈ અમલિયયાર જીલ્લા મહામંત્રી સ્નેહલભાઈ ધરિયા , પ્રદેશ કારોબારી બક્ષીપંચ મોરચા સુભાષભાઈ બારોટ લીમખેડા વિધાનસભાના વિસ્તારક સતીષ ભાઈ પટેલ લીમખેડા વિધાનસભા વિસ્તારક હરકિશન જયાણી , દેવગઢબારિયા ધારાસભ્યબચુભાઈ ખાબડ , લીમખેડા મંડળ પ્રમુખ રતનસિંહ રાવત, મંડળ મહામંત્રી રમેશભાઈ મીનામાં, દાહોદ જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ સરદાર ભાઈ પટેલ, લીમખેડા મંડળ પ્રભારી એન.ડી પટેલ , મોટી બાંડીબાર જિલ્લા પંચાયત સભ્ય છત્રસિંહ મેડા સાહેબ, પંચેલા સરપંચ apmc ચેરમેન ભરતભાઇ ભરવાડ અને લીમખેડા બક્ષીપંચ મોરચાના પ્રમુખ રણજિતભાઈ પટેલ તેમજ દાહોદ જિલ્લા ભાજપના કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







**NOG SS No. 0081**

**વિષય : આવડત- અણ આવડત**

**પ્રકાર : ગદ્ય**

**શીર્ષકઃ આવડત કે અણ આવડતનું લેબલ**

**શબ્દોઃ ૩૩૩**

આવડત એટલે કોઈ કામ કે પ્રસંગને સામાન્ય કરતાં વધુ સારી રીતે , ઝડપથી અને વિશિષ્ટ રીતે પાર પાડવું. આ માટે કૌશલ્ય અને સમર્પણ જરૂરી છે. ઘણીવાર આવડતને વંશપરંપરાગત કે કુદરતી ભેટ ગણાવી શકાય.એક બાળક જે અંગત રીતે ચિત્રકામ પ્રત્યે અનુરાગ રાખતું હોય એ કોઈનું જોઈને કે શિક્ષક પાસે વારંવાર જઈને પોતાની કલાને નિખારે તે એની આવડત કહેવાય.આવે વખતે ઘરનાં કોઈ સભ્યની વિશેષ સહાય ન મળવા છતાં એ પોતાની આવડતથી એમાં કૌશલ્ય મેળવે એ આવડત. અણ આવડત એ કોઈ અવગુણમાં ખપે એ બરાબર ન કહેવાય. કોઈ એક ક્રિયા કે પ્રવૃત્તિમાં કુશળતા દાખવવા માટે એને અનુકૂળ માર્ગદર્શન કે સંયોગ ન મળે તો એમાં પ્રાવિણ્ય ન દાખવી શકે.એક કન્યા જેને અભ્યાસને પ્રાધાન્ય આપવાનું કહી કદી જ રસોડાનો પરિચય ન કરાવ્યો હોય તેની રસોઈ સારી ન બને એ સ્વાભાવિક છે,આ ઘટનાને અણ આવડતમાં ન ખપાવી શકાય. અમારાં દક્ષિણ ગુજરાતમાં એક કહેવત છે ," ફાવ્યો કોલો વાડ કૂદે.".. અર્થાત્ કોલા એટલે કે શિયાળને છટકવા માટે કેવી વાડ મળે એ પરથી એની હોશિયારી મપાય.વાડ તો ક્યાંક નીચી તો ક્યાંક બાકોરાં વાળી હોય, ત્યારે ઊંચી વાડ ન કૂદે એ અણઘડ શિયાળ એમ તો ન જ કહેવાય ને.આમ આવડતનું પરિમાણ દર વખતે સફળતા ન હોઈ શકે.કૂદી ગયો કે છટકી ગયો એ હોંશિયાર એવું નથી હોતું, એની સામે આવેલ પડકાર કે લક્ષ્ય કેવાં હોય એ પરથી એને તે પૂરતો શિરપાવ મળે એ ઠીક પણ તેથી એની વિશેષતા સાબિત નથી થતી.

આવડત એ સતત પોતાની જાતને સુધારતા રહેવાની પ્રક્રિયાથી મેળવાય છે.એક સ્ત્રી અભાનપણે સારી રોટલી બનાવવા માટે મથતી રહે છે કારણકે એને સારી અને સામાન્ય રોટલી વચ્ચે ફરક જણાયો છે.આ માટે એનું સમર્પણ,સુધારો કરવાની તીવ્ર ઇચ્છા કારણભૂત બને છે.પણ આ જ સ્ત્રી જો સતત આ કામ કરવામાં નિરસ અને નિષ્ફળ રહે તો એની અણ આવડત કહી શકાય.

આવડત અને અણ આવડતને એક લેબલ તરીકે ન વાપરી એનો એક પ્રગતિસૂચક માર્ગ તરીકે અપનાવાય એ ઈચ્છનીય છે.વળી આવડત બેદરકારી કે અહમ્?થી અણ આવડતમાં બદલાતા વાર નથી લાગતી તેથી સાવધાની અને સ્વાધ્યાય જરૂરી છે.તે જ રીતે અણ આવડતને ખંત અને સતત કોશિશથી આવડતમાં બદલી જ શકાય.આ બંને ભાવવાચક સંજ્ઞાઓ છે , કોઈ સર્ટિફિકેટ નથી એ યાદ રહે!

માયા દેસાઈ,મુંબઈ ભારત

---

**NOG SS No : 0110**

**પ્રકાર : ગદ્ય- ટૂંકી વાર્તા**

**વિષય : આવડત-અણઆવડત**

**શબ્દો : ૩૪૮**

**શીર્ષક : 'લાગણી કે દખલગીરી?'**

**લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)**

અપેક્ષા અને અનિકેતના લગ્ન થયાં. બંને સુશિક્ષિત અને હોશિયાર હતા. અપેક્ષાને અનિકેતનો સરળ, સાલસ અને સમજદાર સ્વભાવ અને અનિકેતને અપેક્ષાનો હસમુખ અને વાચાળ સ્વભાવ ખૂબ ગમતો. અપેક્ષા તેના માતા-પિતા સાથે ખુબ જ લાગણીથી જોડાયેલી હતી. માતા મિનાક્ષીબેન દીકરી સાથે એક વિશેષ ખેંચાણ અનુભવતા, પરંતુ લગ્ન પછી પણ આ સિલસિલો ચાલુ જ રહ્યો. અપેક્ષાના માતા મિનાક્ષીબેન પોતાની પુત્રીની સાથે અધિકારભાવનાથી વધુ જોડાયેલા હતાં. હજુ તેમના ઘરની નાની નાની દરેક સમસ્યામાં અપેક્ષાને સાંકળતા રહ્યા.

પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ હતી. લગ્ન બાદ નવા ઘરમાં તેણે પોતાનું સ્થાન બનાવવાનું હતું. સૌના મન જીતવાના હતા. અનિકેત પણ અપેક્ષાના તેના માતા-પિતા સાથેના આટલા વર્ષોના લાગણીના સંબંધોને માન આપતો હતો. અપેક્ષાનું વારંવાર બહારગામ રહેતા તેના માતા-પિતાને મળવા જવું તેને કઠતું હતું પરંતુ અપેક્ષાને આ બાબતે તે થોડો સમય આપવા માગતો હતો. તેને ખાતરી હતી કે તેના ઘરનો પ્રેમ અપેક્ષાને આપોઆપ તેના માતા-પિતાના ઘર પ્રત્યેનું ખેંચાણ ઓછું કરાવશે અને તેના પોતાના ઘર પ્રત્યેની જવાબદારીઓનો અહેસાસ કરાવશે.

બીજી તરફ માતા મિનાક્ષીબેન અપેક્ષાને દરરોજ ફોન કોલ્સ કરી તેના ઘરની નાનામાં નાની બાબત જાણવાની ઉત્કંઠા રાખતાં. ઘરના વ્યક્તિઓનો અપેક્ષા પ્રત્યેનો વર્તાવ અને ઘરમાં મહત્વ મેળવવા માટે તેમની ટૂંકી સમજણ પ્રમાણે સલાહ સૂચન આપતાં. તેના ઘરસંસારની નાની નાની સમસ્યાઓમાં સતત ચંચુપાત કરતા.અપેક્ષા હોંશીયાર હોવા છતાં આ બાબતે કાચા કાનની હતી. તેની માતાની દખલગીરીને તે તેના પ્રત્યેની લાગણી સમજતી હતી.

?એક અરસા પછી પણ અપેક્ષાનું તેના માતા-પિતા અને પિયર તરફનું ખેંચાણ ઓછું થયું નહીં. સાસરીમાં પણ તેનું દરેક વર્તન તેની માતાના દોરીસંચાર અને સૂચનોને અનુરૂપ રહેતું.આ બધામાં અપેક્ષા પોતાના લગ્નજીવનને કઈ હદે નુકસાન પહોંચાડી રહી છે તેનો એને અંદાજ જ નહોતો. અનિકેતની વારંવાર સમજાવટ પછી પણ અપેક્ષા તેની વાત માનવા તૈયાર નહોતી. દિવસે દિવસે અનિકેત અપેક્ષાથી દૂર થતો ગયો. તેના માતા-પિતાનો અપેક્ષા પ્રત્યેનો અસંતોષ અણગમામાં પલટાવા લાગ્યો. આમ અપેક્ષાની હોંશીયારીની આવડત અણઆવડતમાં પરિણમી. જેમાં મહદઅંશે માતા મિનાક્ષીબેનની પરિણીત દીકરીના જીવનમાં દખલગીરી કારણભૂત બની.

સંક્ષિપ્તમાં વાર્તાસારઃ

લગ્ન પછી પરિણીત દીકરીના જીવન સંસારમાં માતા-પિતાએ તેના હિતમાં હોય એટલી હદ સુધી જ રસ લેવો જોઈએ. આગળ ઉપર તેનો સંસાર તેની રીતે સંભાળવા દેવો જોઈએ અને પોતાની મમતા ભૂલી નવા વાતાવરણમાં નવી વ્યક્તિઓને પોતાની બનાવવા પ્રેરવી જોઈએ. પિયરના ઘરની નાની નાની સમસ્યાઓથી દીકરીને દૂર રાખવી જોઈએ જેથી તે તેના નવા કુટુંબ તરફ આત્મિયતાથી ઢળી શકે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

**NOG SS No- 111**

**વિષયઃ આવડત - અણઆવડત**

**વિભાગઃ ગદ્ય**

**શબ્દ સંખ્યાઃ ૨૭૮**

**શીર્ષકઃ ઓળખ વ્યક્તિત્વની**

આપણાં જીવનમાં વિરોધાભાસ કેવો અગત્યનો ભાગ ભજવે છે! જીવનમાં દ્વંદ્વ નહોય તો મજા જ નહોય. એવા જ બે શબ્દો છે આવડત-અણઆવડત.આ બે વિરોધી શબ્દો આપણાં વ્યક્તિત્વ , માન- સન્માનના માપદંડ જેવાં છે.

નાનપણથી લઈને પ્રૌઢાવસ્થા સુધી આપણી આવડત- અણઆવડતને સતત મૂલવવામાં આવેછે. સ્ત્રીઓ માટે કામકાજ, રસોઈકળા , ગૃહસ્થી સંભાળ, વ્યવહારિક કાર્યોમાં આવડત હોવી ખૂબ જરૂરી મનાય છે.જે સ્ત્રીઓએ ઉપરોક્ત કળા હસ્તગત કરી છે, તેમણે જાણે સંસારમાં વિજય પ્રાપ્ત કરી લીધો છે.સામાન્ય વાતચીતમાં પણ આવડતની ખૂબ પ્રશંસા થાયછે. વર્તમાન સમયમાં કોઈની સારપને નબળાઈ ગણીને અણઆવડતમાં અને વાક્ પટુતાને આવડતમાં ગણવામાં આવે છે.ક્યારેક એવું પણ બને કોઈ પાત્ર અણમાનીતું હોય, તેનામાં કઈ અણઆવડત છે, તે રીતે મૂલવી ઉતારી પાડવામાં આવે છે.તે સાથે તે વ્યક્તિ નીચલા સ્થાનને પ્રાપ્ત કરેછે. પુરુષોમાં તેમનો સામાજિક મોભો , શ્રેષ્ઠ આર્થિક ઉપાર્જન કરવાની આવડત, મોટેભાગે માપદંડ બની રહે છે. આની સામે બીજી નકારાત્મક બાબતો ગૌણ બની જાય છે.

મિત્રો, શું એવું ન બને કે આ બધી કુશળતા સિવાય વ્યક્તિમાં અન્ય આવડતો હોય , જે સમાજ માટે બહુ અગત્યની ન હોય પરંતુ તેનું સાંસ્કૃતિક કે સાહિત્યિક મૂલ્ય ખૂબ ઉચ્ચ હોય , જે માપદંડમાં ન ગણવામાં આવે અને વ્યક્તિગત રીતે તે ખૂબ મૂલ્યવાન હોય. તો બીજાં લોકોને કોણે આ હક્ક આપ્યો છે કે તેઓ વ્યક્તિગત આવડત કે અણઆવડતનું મૂલ્યાંકન કરે ?

મારા મંતવ્ય મુજબ સમાજે કોઈને મૂલવતાં પહેલાં વ્યક્તિગત ગુણોને પ્રાધાન્ય આપી તટસ્થ રહેવું જોઈએ. ઈશ્વરે દરેકનું કોઈને કોઈ વિશિષ્ટ ગુણ સાથે સર્જન કર્યું છે ઉદા. મૂક-બધિર, વિકલાંગ, ગરીબ લોકોમાં પણ કૌશલ્ય હોયછે.જેને સાથ આપી બહાર લાવવાની જરૂરત હોયછે. વ્યક્તિગત પસંદગી - નાપસંદગીને માપદંડ ન બનાવવો જોઈએ. જરૂર છે ફક્ત યોગ્ય દ્રષ્ટિ રાખી હર વ્યક્તિત્વને ખૂબી તેમજ ખામી સાથે સ્વીકારી આદર આપવો.

ભાવના આચાર્ય દેસાઈ 'ભાવુ'

# રમાં પ્રાણી સંગ્રહાલય કે પ્રાણીઘર કે ઝૂ હોય તો બેનો બહાર પેટ એનિમલ લેવા હવાતિયા મારતી હશે?? - રાજુ રદીનો અણિયાળો સવાલ

કેટલાક લોકો એકલા રહી શકતા નથી. એકલતા ઉધઈની જેમ ખાઇ જાય છે. એકલતા દૂર કરવા પુસ્તકો-સામયિકનું વાંચન કરવુ, મનગમતું સંગીત સાંભળવું. ફૂટપટીની મદદ વિના સીધી લીટી દોરવી વગેરે પ્રવૃતિ હાથ ધરી શકાય. જો કે, એ બધાથી ખાલીપો-રિકતતાને સંપૂર્ણ દૂર કરી શકાય નહીં. એકલતા દૂર કરવા મિત્ર કે સખીને બોલાવી શકાય.એને પણ ઘરબાર કે કામધંધા ધાપા હોય!! એકલા લોકો ઉંઘી ઉંઘીને કેટલું ઊંધે? ઘણા લોકો ઘોડા વેચીને ઘસઘસાટ ઊંઘી શકે છે!!! મહદ્અંશે લોકો અનિંદ્રાનો શિકાર બનેલા હોય છે. ઊંઘવાની ગોળી બેઅસરદાર કે બિનઅસરકારક રહે છે!!!!

પતિ દૂરના સ્થળે નોકરી કરતો હોય, બાળકો હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા હોય તો સ્ત્રી એકલતા દૂર કરવા કોઇ પ્રાણી પાળે. મોટેભાગે પેટ એનિમલ તરીકે કૂતરા પાળવામાં આવે. ઘણા લોકો બિલાડી, કાચબા, પોપટ પાળે છે. ઘણા વિરલાઓ સિંહ પણ પાળે છે.ઘરના દરવાજે " મુઠ્ઠી કદ્ધિ નૈંહ" લખવાનું!!કૂતરાંને વીઆઇપી ટ્રીટમેન્ટ મળે છે! અલગ બેડ, કપડાં, એસી રૂમમાં રહેવાનું મળે. પોચા સોફામાં આળોટવાનું.મન પડે તો સૌમ્ય અવાજે પરમિટેબલ ડેસિબલની લિમિટમાં ભસવાનું . નહીતર માથું ઢાળી આંખ મીંચી પડ્યું રહેવાનું. દુનિયા ઝખ મારે છે!!

ઘરવાળી કૂતરાંને એટલી પપ્પી કરે કે ગોરધનને ઈર્ષાની હેડકી આવે. તે વિચારે કે ગોરધન થવા કરતાં ડોગી થવું સારૂં!!!

પેટ ડોગની સારવાર, કાળજી રાખવી એ લોઢાના ચણા ચાવવા જેવી અઘરી બાબત છે. મોટા શહેરોમાં કૂતરાંની કલિનિક-હોસ્પિટલ, ડોગ કેર સેન્ટર, ડોગ હોસ્ટેલ વગેરે સવલતો ઉપલબ્ધ હોય છે!! જે લોકો પેટ એનિમલ પાળે છે તેમાંના મોટા ભાગના લોકો માબાપને ઘરનું સુખ આપવામાં નિષ્ફળ નીવડે છે, ત્યારે લાચાર માબાપને વૃધ્ધાશ્રમ પાળે છે.- એ સમાજનું અણગમતું નગ્ન સત્ય છે!!!

કૂતરા પાળવાનું પણ જોખમી છે. જે કામ સરકાર માઇબાપ ન કરી શકે તે કામ તમારો ડોગી કરાવી દે. તમને મારા પર વિશ્વાસ નથી? હમણા ખારવીર( એમની અટક પરથી લોકોને તેમના પર કેટલો ખાર હશે તેની ખબર પડે છે. તેમના પર એટલો બધો ખાર હોવા છતાં એ નરવીર ખારવીર પણ છે બોલો? શું બોલે ? કંકોડા.) તેમના પત્ની સાથે એક સ્ટેડિયમ ખાલી કરાવી કૂતરા સાથે એક હસીન શામ કો નજારો માણવા ગયેલા અને કોઇ રાષ્ટ્રદ્રોહીએ બિનઅંગત પળોને વીડીયો વાઇરલ કરી દીધો અને બે સનદી અધિકારી પતિ-પત્નીની- દો હંસો કા જોડા બિછડ ગયો રે ગજબ ભયો રામ જુલમ ભયો રે ગીત ગાવાની સ્થિતિ સર્જાઇ!!

કૂતરા કે અન્ય પેટ ડોગ ઓફ લાઇન લેવા સારા . નહીંતર લેવાના દેવા થઇ જાય છે! પછી ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે તેવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ સર્જાય છે!! હમણા એક યુવતીની વાટ લાગી ગઇ. તે બેન પાછી મોટી વૈજ્ઞાનિક અને પીઆરએલમાં જોબ કરતી હતી. તેને ગલૂડિયું લેવું હતું. તેણે આ મતલબની ઓનલાઇન જાહેરાત ફેસબુક કરી. તેને ચીનના શાહુકાર ભટકાઇ ગયા. ટુકડે ટુકડે ગેંગની જેમ ચીટર ગેંગે કટકે કટકે બે લાખ ચોસઠ હજાર રૂપિયા તે પણ ઓનલાઇન ભરાવ્યા. પછી યુવતીને શું મળ્યું? બાબાજી કા ઠુલ્લું. ગોળી ગઇ ને ગોફણ પણ ગઇ!! તે યુવતીએ ફરિયાદ નોંધાવી છે. જોઇએ શું થાય છે? ઓફલાઈન ગલૂડિયા ખરીદ કર્યા હોત તો ગલૂડિયાંની ફૌજ મળી હોત!! મેં આ કિસ્સો રાજુ રદીને કહ્યો! રાજુ કહે ,"ગિરધરભાઈ આ બેનો કાંખમાં છોકરૂં હોય અને ગામમાં ઢંઢેરો શું કામ પીટતા હશે?

લગ્ન કર્યા પછી મોટા ભાગની ઘરવાળીને ગોરધન વાંદરો, કૂતરો, પાડો, ડુક્કર, ભૂંડ, ગધેડો એવું બધું અલગ અલગ સમયે વાગતો હોય છે. ઘરમાં પ્રાણી સંગ્રહાલય કે પ્રાણીઘર કે ઝૂ હોય તો નાહક બહાર પેટ એનિમલ લેવા હવાતિયા મારતી હશે?? ગોરધનને પાળે એ કૂતરો પાળ્યા બરાબર કે વધું છે!!!"

" હેં હેં હે હેં રાજુ?" આ મારો ગગડેલો પ્રતિભાવ

ભરત વૈષ્ણવ

---

કાઢે છે

પાણીમાંથી પણ પોરા કાઢે છે,
વરસાદના ટીપા કોરા કાઢે છે.
બોરડીમાથી તો સમજ્યા ભૈ,
તે ઠળિયામાંથી બોરા કાઢે છે.
મીઠા સ્વપ્નની ચીરફાડ કરી,
એમાંથી એકાદ-બે ખોરા કાઢે છે.

મૃગજળનું વિશ્લેષણ કરે છે,
તેમાથી એક-બે ઓરા કાઢે છે.
તડકાને મુઠ્ઠીમાં લઈ મસળે,
તેમાંથી જીવંત અંધારા કાઢે છે.

ભરત વૈષ્ણવ

# સીંગવડ તાલુકાના મંડેર ગામ ખાતે રસ્તા પર દૂધના પાઉચ રસ્તા પર મળવાના સમાચારને રદિયો આપતા જિલ્લા પ્રોગામ ઓફિસર

## તપાસ દરમિયાન તંત્રને ગેરમાર્ગે દોરવા જાણીજોઇને આ કૃત્ય કરાયું હોવાનું સપષ્ટ જણાયું,ગેરમાર્ગે દોરનાર વ્યક્તિઓ સામે જરૂર જણાય સીઆરપીસી એકટ મુજબ કાર્યવાહી કરાશે




(દાહોદ સમાચાર)

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મંડેર ગામ ખાતે રસ્તા પર દૂધ સંજીવની યોજના હેઠળના દૂધના પાઉચ પડેલા જોવા મળવા બાબતના માધ્યમોમાં પ્રસારિત થયેલા સમાચારોને આઈસીડીએસ જિલ્લા પ્રોગામ ઓફિસર રમીલાબેન ચૌધરીએ રદિયો આપ્યો છે અને આ સમાચાર સચ્ચાઈથી વેગળા હોવાનું જણાવ્યું છે.

તેમણે જણાવ્યું કે, આજ રોજ તા. ૩ જુનના રોજ મીડીયાના માધ્યમથી જાણ થતા દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મંડેર ગામ ખાતે રસ્તા પર દૂધના પાઉચ પડેલા જોવા મળતાં જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની તાકીદની સુચનાથી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી સીંગવડ તાત્કાલીક અસરથી એક જ કલાકમાં મંડેર ગામની આંગણવાડી કેન્દ્ર જયાં દુધના પાઉચ મળ્યા હોવાના સમાચાર હતા, તે સ્થળની મુલાકાત લેતાં આવા દૂધના કોઈપણ પ્રકારના પાઉચ મીડીયામાં જણાવેલ ફોટાવાળી જગ્યાએ મળ્યા નથી.

મંડેર ગામમાં કુલ-૦૬ આંગણવાડી કેન્દ્રો આવેલા છે. જેમાં આ આંગણવાડી કેન્દ્રોમાં ૧૨૦ દૂધના પાઉચનું પંચમહાલ ડેરી ગોધરા તરફથી પુરા પાડવામાં આવેલા ચલણની કોપીની ચકાસણી કરાઇ છે. ત્યારબાદ મંડેર ગામની મુલાકાત કરતાં કુલઃ-૨૪૦ લાભાર્થી બાળકોને જે તે કેન્દ્રના આંગણવાડી કાર્યકર અને તેડાગરની હાજરીમાં આંગણવાડીના સમય દરમ્યાન સવારે ૯-૦૦ કલાકે આંગણવાડી કાર્યકર/તેડાગરે વિતરણ કર્યુ છે. આજુબાજુના ગ્રામજનોની પુછપરછ કરતાં તેઓએ બાળકોને દુધ પીવડાવેલ છે. તે વાતની પણ ખાતરી કરવામાં આવી છે. જેનો ફોટો મુકવામાં આવેલ છે. તેમજ સ્થળની ગ્રામજનો સાથે રાખી ચકાસણી કરતાં રસ્તા પર કંઈ પણ ધ્યાને આવેલ નથી. દુધના પાઉચ રસ્તા પર એક જ હરોળમાં ગોઠવણી કર્યાનું સપષ્ટપણે જણાય આવે છે. ખરેખર પ્રોગ્રામ ઓફિસરની સ્થળ મુલાકાત લેતા આંગણવાડી વર્કર દ્વારા બાળકોને દુધ પીવડાવી ખાલી દુધની થેલીઓ ડોલમાં નજરે પડે છે. તેની પણ ગણતરી કરી ખરાઇ કરવામાં આવી છે. ઉક્ત વિગતો ધ્યાને લઇ જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ દ્વારા દુધ વિતરણ માટે એસઓપી નકકી કરવામાં આવી છે. તદ્નુસાર દરેક જવાબદાર અધિકારી/કર્મચારી સામે જરૂર જણાય શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. તેમજ બિનજરૂરી રીતે તંત્રને ગેરમાર્ગે દોરનાર ઈસમો સામે જરૂર જણાય સીઆરપીસી એકટ મુજબ કાર્યવાહી કરાશે. આમ વિગતો જોતાં આ આપવામાં આવેલ સમાચાર સચ્ચાઈથી વેગળા હોય મહિલા અને બાળ વિકાસ જિલ્લા પંચાયત,દાહોદ તરફથી આ સમાચારનો રદીયો અપાયો છે.

જિલ્લા વિકાસ અધિકારી દાહોદ દ્વારા દુધ વિતરણ માટે એસઓપી નકકી કરવામાં આવી છે. તદ્નુસાર દાહોદ જિલ્લાની કુલ ૩૦૫૬ આંગણવાડી કેન્દ્રો આવેલા છે. દાહોદ જિલ્લામાં પંચમહાલ ડેરી ગોધરા ધ્વારા કુલઃ- ૭૩ રૂટથી દુધ પુરુ પાડવામાં આવે છે. દુધના ૭૩ રૂટમાં કુલઃ-૯૭૫ સ્થળ(પોઈન્ટ) પર દુધ ઉતારવામાં આવે છે. હવેથી નિયમિત રોજ સવારે જે પોઈન્ટથી દુધ આવે છે તે પોઈન્ટ ઉપર કેટલા પાઉચ આવે છે તેના દૂધ ઉપાડ્યાના વર્કર સાથેના ફોટા જિલ્લા કક્ષાના વોટ્સ એપ ગ્રૂપ માં મોકલવાના રહેશે. દૂધના ઉતારેલ જથ્થો ૮.૩૦ સુધીમાં તમામ આંગણવાડી કાર્યકર દ્વારા દુધ મેળવી કેટલુ દૂધ આવ્યું છે તે અંગેની પાવતી પોઈન્ટ ઉપર જે કાર્યકર બેન દૂધ ઉતારે છે તે આંગણવાડી કાર્યકરને રજુ કરવી આ સાથે પાવતીમાં મળેલ જથ્થો પાઉંચ ની સંખ્યા, તારીખ, બેચ નંબર,અને દૂધ લઇ જનાર કાર્યકર ની સહી સાથે જિલ્લા કક્ષાએ ૧૧.૦૦ વાગ્યા સુધીમાં આ તમામ પાવતીના ફોટા રજુ કરવાની રહેશે. તમામ આંગણવાડી કાર્યકરો એ દરરોજ સવારે ૮.૩૦ સુધીમાં દૂધ કેન્દ્ર કક્ષાએ લઇ જઈને ૯.૦૦ કલાકે તમામ આંગણવાડી કેન્દ્ર ઉપર લાભાર્થી ને દૂધ પીવડાવી ને ખાલી દુધના પાઉંચ તારમાં પરોવીને આંગણવાડી કેન્દ્રનું નામ વર્કરનું નામ મોબાઈલ નંબર સાથે નો ફોટો વોટ્સ એપ ગ્રૂપમાં મોકલવાના રહેશે. મુખ્ય સેવિકા બેન દ્વારા અઠવાડીયામાં સેજાની તમામ આંગણવાડી કેન્દ્રની ઓછામાં ઓછી એક વિઝીટ કરી વર્કર દ્વારા દૂધ પીવડાવેલ ખાલી પાઉંચ ની ગણતરી કરી અને દરરોજ એક કેન્દ્રનો ફોટો ગ્રૂપમા મુકવો આમ દરરોજ એક કેન્દ્ર ની વિઝીટ કરવાની રહેશે અને તેનો રીપોર્ટ પણ અત્રે કરવાનો રહેશે.

ત્યારબાદ મુખ્ય સેવીકાબેનો એ દર અઠવાડિયે સેજાના જેટલા કેન્દ્રમાં દૂધ આવે છે તેટલા કેન્દ્રની ખાલી પાઉંચ ઘટક કક્ષાએ ગુરુવારની મીટીંગ દરમ્યાન ઘટક કક્ષાએ જમા કરવાના રહેશે. ઘટક કક્ષાએ આ ખાલી પાઉંચ માટે રજીસ્ટર નિભાવવાનું રહેશે.

સીડીપીઓએ માસ પૂર્ણ થયેથી ૧ થી ૫ તારીખ માં પોતાના તાલુકા માં કેટલા પાઉંચ આવેલ છે. અને તેની સામે કેટલા પાઉચ ખાલી મળેલ છે તેનું પ્રમાણપત્ર તથા હિસાબ દૂધના બીલોના ચૂકવણા વખતે ઓસીપી આપવાનું રહેશે. આ બાબતની તાકીદ પ્રોગ્રામ ઓફિસરએ આંગણવાડી કેન્દ્રોમાં આપવામાં આવતા પાઉચ તથા મુખ્ય સેવિકાની વિઝીટ ની ચકાસણી અને સીડીપીઓઓએ તાલુકા કક્ષાએ નિભાવેલ રજીસ્ટરની ચકાસણી કરવાની રહેશે. તાલુકા કક્ષાએ ભેગા થયેલા ખાલી પાઉચ દર માસના અંતે સીડીપીઓ ધ્વારા વેચાણ કરી રકમ જમા કરાવવાની રહેશે.

## સાબરકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા હસ્તકની રૂ.૧૩૬.૪૩ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલી ખેડબ્રહ્મા ભાગ-૨ યોજનાનું લોકાર્પણ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં પાણી પુરવઠા વિભાગની રૂપિયા ૫૩૬.૭૮ કરોડની વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત સંપન્ન કર્યા




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડબ્રહ્મા ખાતે પાણી પુરવઠા વિભાગની રૂપિયા ૫૩૬.૭૮ કરોડની વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ તથા ખાતમુહૂત પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતા અને સતત સફળ પ્રયાસોના પરિણામે ગુજરાત આજે હર ઘર જલ નું સ્વપ્ન સાકાર કરી રહ્યું છે. આ પ્રયાસોના પરિણામે જ આજે અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટામાં ઘર-ઘર સુધી પાણીનું વ્યવસ્થાપન થયું છે.

તેમણે કહ્યું કે, અગાઉની સરકારોમાં રાજ્યમાં પાણીની શું સ્થિતિ હતી અને આજે શું સ્થિતિ છે એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. આજે રાજ્યના દરેક જિલ્લા અને તાલુકામાં નળ થી જલ પહોંચી રહે તેવું વ્યવસ્થાપન થઈ રહ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્માની આર્ડેક્તા કોલેજ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સાબરકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા હસ્તકની રૂ.૧૩૬.૪૩ કરોડના ખર્ચે પૂર્ણ કરાયેલી યોજનાઓનું લોકાપર્ણ જયારે રૂ. ૪૦૦ કરોડના ખર્ચે નવી આકાર પામનાર વિવિધ જૂથ યોજનાઓનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધરોઈ વણજ ડેમ તથા નર્મદા મુખ્ય નહેર આધારીત આ મહત્વની યોજનાથી હિંમતનગર અને તલોદ શહેર તથા ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના અને પ્રાંતિજના ૪૧૯ ગામોના ૧૭.૧૫ લાખ લોકોને પીવાના પાણીનો લાભ મળશે.

પાણી પુરવઠાની મહત્વાકાંક્ષી યોજનાઓના લોકાપર્ણ અને ખાતમુહૂર્ત વેળાએ પાણી પુરવઠા અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં કેન્દ્ર સરકારના આઠ વર્ષ પૂર્ણ થયા છે. આ આઠ વર્ષમાં સુશાસન કોને કહેવાય એ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને બતાવ્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ સરકાર છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચી શકે તેવા તમામ પ્રયાસો કર્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં વિકાસની રાજનીતિનો યુગ શરૂ થયો છે અને વિકાસ કોને કહેવાય એ આજે દેશ અને દુનિયા જોઈ રહી છે.

આજે શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં જ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે અને મારી ટીમ ગુજરાત આ ગ્રોથ એન્જિનને આગળ વધારવાનો સતત પ્રયાસ કરી રહી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. પ્રાકૃતિક ખેતી અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીના દીધર્દ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌ નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરી છે અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીને વધુ વેગવંતી બનાવવા માટે તમામ પ્રકારના પ્રયાસો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતે તો ડાંગ જિલ્લાને પ્રથમ પ્રાકૃતિક ખેતી જિલ્લો પણ જાહેર કરી દીધો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. રાજયની સુરક્ષાની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લા બે દાયકામાં ગુજરાત રાજ્યે સુરક્ષાની દિશામાં સારી એવી પ્રગતિ કરી છે અને રાજ્યમાં એક શાંતિ બની રહે એવા તમામ પ્રયાસો રાજ્ય સરકારે કર્યા છે. વિચરતી જાતિ માટે થયેલા વિકાસ કાર્યોની રૂપરેખા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજય સરકારે વિચરતી જાતિના લોકોનું પણ વિશેષ ધ્યાન રાખ્યું છે. વિચરતી જાતિના લોકો જે હરી ફરીને પોતાનું ગુજરાન ચલાવતા રહે છે એ લોકોને રાજ્ય સરકારે પાકા મકાનો બનાવી આપ્યા છે અને તેમના છોકરાઓને શિક્ષિત અને દીક્ષિત કરવાનું કામ પણ આ રાજ્ય સરકારે કર્યું છે.

ગુજરાતના વિકાસની ગતિ શ્રી નરેન્દ્રભાઈએ આપી છે તેને આ સરકાર સૌના વશ્વાસ અને સૌના પ્રયાસ થી આગળ ધપાવી રહી છે એમ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરેલી નલ સે જલ યોજનાના ભગીરથ પ્રયાસના ભાગરૂપે આ રૂપિયા ૫૩૬ કરોડના ખર્ચે સાબરકાંઠા જિલ્લામાં આ યોજનાનું ખાતમર્હુત થયું છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી વિકાસના કામો તથા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચાડી રહી છે.શ્રી ઋષિકેશભાઈ પટેલે વધુમાં કહ્યું હતું કે, આજે સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ આયુષ્યમાન ભારત યોજનાનો લાભ આજે અનેક લોકોને મળી રહ્યો છે. તેમણે આ

તકે ઉમેર્યું હતું કે, અંતિમ છેવાડાના માનવીને સુખાકારી મળી રહે તે સરકારની કટિબદ્ધતા છે.

આ પ્રસંગે રાજયસભાના સાંસદ શ્રી રમીલાબહેન બારાએ જણાવ્યું હતું કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ એવા નલ સે જલ યોજના થકી પહાડી વિસ્તારો અને વન વિસ્તારોમાં પણ પાણી પહોંચતું થયું છે. શ્રીમતી રમીલાબહેન બારાએ કહ્યું કે, આ સરકાર એ આદિવાસીઓનું કલ્યાણ કરતી સરકાર છે.

આ અવસરે સાસંદ શ્રી દિપસિંહ રાઠોડ, જિલ્લા પંચાયના પ્રમુખ શ્રી ધીરજભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી, જિલ્લા વિકાસ અધિકારીકારીશ્રી, મુખ્ય ઈજનેરશ્રી તથા જીયુડીસીના ડિરેકટર શ્રી જે.ડી. પટેલ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સીએમપીઆરઓ/ગોપાલ મહેતા/વ્રજ મણિયાર/અરૂણ....

# સમગ્ર ગુજરાત રાજ્યમા સામાન્ય પ્રવાહ ધોરણ ૧૨ના પરિણામમા ૯૫.૪૧% સાથે ડાંગ જિલ્લો અવ્વલ

આહવા: તા: ૪ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ એચ.એસ.સી સામાન્ય પ્રવાહનુ કુલ ૮૬.૯૧% પરિણામ જાહેર કર્યુ છે. જેમા રાજયના છેવાડે આવેલ ડાંગ જિલ્લો ૯૫.૪૧% સાથે સમગ્ર ગુજરાતમા અવલ્લ રહ્યો છે. ડાંગ જિલ્લામા સામાન્ય પ્રવાહ ધોરણ ૧૨ની પરિક્ષામા કુલ ૧૩૭૨ વિધ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જેમાંથી ૧૩૦૯ વિધ્યાર્થીઓ પાસ થતા જિલ્લાનુ ૯૫.૪૧% પરિણામ જાહેર થયુ છે. જેમાં A1 ગ્રેડમા ૦ વિધ્યાર્થીઓ, A2 ગ્રેડમા ૩૮ વિધ્યાર્થીઓ , B1 ગ્રેડમા ૩૨૩ વિધ્યાર્થીઓ, B2 ગ્રેડમા ૫૦૪ વિધ્યાર્થીઓ, C1 ગ્રેડમા ૩૩૭ વિધ્યાર્થીઓ, C2 ગ્રેડમા ૧૦૨ વિધ્યાર્થીઓ, D ગ્રેડમા ૫ વિધ્યાર્થીઓનો સમાવેસ થયો હતો.

ડાંગ જિલ્લાના આહવા, સુબિર, વઘઇ અને સાપુતારા એમ કુલ ચાર કેન્દ્રો ઉપર સામાન્ય પ્રવાહ ધોરણ ૧૨ની પરિક્ષા લેવાઇ હતી, જેમા સુબિર કેન્દ્રનુ પરિણામ ૧૦૦% આવતા તે રાજયમા પ્રથમ ક્રમે નોંધાયો હતો, જ્યારે આહવા કેન્દ્રનુ પરિણામ ૯૦.૦૯% સાપુતાર કેન્દ્રનુ પરિણામ ૯૫.૫૨%, અને વઘઇ કેન્દ્રનુ પરિણામ ૯૫.૪૧% નોંઘાયુ હતુ. ડાંગ જિલ્લાની કુલ ૨૬ શાળાના વિધ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહ ધોરણ ૧૨ની પરિક્ષા આપી હતી જેમાં કુલ ૧૪ શાળાનુ પરિણામ ૧૦૦% નોંઘાયુ હતુ.

સમગ્ર ગુજરાત રાજયમા ડાંગ જિલ્લો સૌથી વધુ પરિણામ ધરાવતા જિલ્લામા સમાવિષ્ય થતા ડાંગ જિલ્લા કલેક્ટરશ્રી ભાવિન પંડ્યા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડો.વિપીન ગર્ગે, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી એમ.સી.ભુસારા સહિત શિક્ષકગણ અને વિધ્યાર્થીઓને અંભિનંદન પાઠવ્યા હતા.

નરેન્દ્ર પવાર
ડાંગ જિલ્લા બ્યુરો

# ઈડર તાલુકાના હસનપુરા ગામના ડે.સરપંચને હોદા પરથી દુર કરવાની કરવામાં આવી રજુઆત

સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના હસનપુરા ગામની ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકેની ચુંટણીમાં સભ્યશ્રી બલોચ ઐયુબખાન પીરખાને સભ્યોએ બહુમતીથી ડેપ્યુટી સરપંચ તરીકે એ આશા સાથે જીતાડેલ કે ગામમાં સારૂ કાર્ય કરશે.. પરંતુ સતા મળતાની સાથે જ કાચિંડો રંગ બદલે તેમ ડે.સરપંચે અન્ય સભ્યોને વિશ્વાસમાં લીધા વિનાજ પોતાની મનમાનીથી ગામની કામગીરી કરતા અને સરપંચ તેમજ સભ્યોને પણ અંધારામાં રાખી ગામની સંપત્તિ બારોબાર વેચી કૌભાંડો આચરી રહ્યા હતા.તેમા રંગેહાથે પકડાઈ ગયેલ હોવા છતાં તાલુકા અને જીલ્લા પંચાયતોમા જઈને સતાનો દુરૂપયોગ કરી ગ્રાન્ટ ફાળવણી માં પણ કટકી કરી ગામને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહ્યા છે.ડે.સરપંચના પુત્રે પણ સતાના નશામાં સમગ્ર ગામ માટે શરમજનક અને લાંછનરૂપ એવું કાર્ય કરેલ છે જેમાં પંચાયત ની એક મહિલા સભ્ય સાથે દુર્વ્યવહાર કરતા રાત્રીના સમયે રંગેહાથે પકડાઈ ગયેલ તેમા પણ ડે.સરપંચનો સાથ હોવાથી ગામના હિતમાં અમો હસનપુરા ગ્રામ પંચાયતના તમામ સભ્યો અમારો ટેકો પાછો ખેચીએ છીએ અને આવા વિશ્રવાઘાતી વ્યક્તિને હસનપુરા ગામના ભલા માટે તાત્કાલિક અસરથી ડે.સરપંચના હોદા અને સભ્ય પદેથી પણ દુર કરી તેમના સમયમાં કરવામાં આવેલ તમામ કામોની યોગ્ય અને તટસ્થ રીતે તપાસ કરવામાં આવે તો આ ડે.સરપંચ ઐયુબખાન બલોચના અનેક ચૌકાવનારા કૌભાંડો બહાર આવે તેમ છે?.

# ડાંગ જિલ્લામા તા.૨૨ જૂને યોજાશે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ"

આહવા: તા: ૪:

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૨/૬/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ અંગે "તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ× ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા યોજવામા આવનાર છે.

નિયત કાર્યક્રમ મુજબ આહવા તાલુકાનો કાર્યક્રમ કલેક્ટર કચેરી, આહવાના સભાખંડમા પ્રાયોજના વહિવટદારશ્રી, ટ્રાયબલ એરિયા સબ પ્લાન કચેરી-આહવાના અધ્યક્ષ સ્થાને, વઘઇ તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-વઘઇ ખાતે પ્રાંત અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને, અને સુબીર તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-સુબીર ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને યોજાશે.

જેથી તાલુકાની જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો તા.૧૮/૬/૨૦૨૨ સુધીમા સંબંધિત કચેરીઓને બારોબાર મોકલી, તેની એક નકલ સંબંધિત મામલતદારશ્રી, આહવા/વઘઇ/સુબીર ને મોકલી આપવા જણાવાયુ છે. ન્યાયની કોર્ટમા ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહી. જેની પણ અરજદારોને નોંધ લેવા અનુરોધ કરાયો છે. અરજદારોએ એક જ પ્રશ્ન, સંપૂર્ણ વિગતો સાથે સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરોમા રજૂ કરવાના રહેશે. રજૂ કરવામા આવનાર પ્રશ્નોના કવર ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨/૬/૨૦૨૨" એમ અચૂક લખવા પણ જણાવાયુ છે. ઉપરાંત ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારને ઉક્ત જણાવેલ સ્થળે સમયસર અચૂક હાજર રહેવા પણ એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે.

નરેન્દ્ર પવાર
ડાંગ જિલ્લા બ્યુરો

## રૂ. ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ થનારા સીસરાણા ૨૨૦ કે.વી. સબ સ્ટેશનનું ઇ-ભૂમિપૂજન કર્યું

# પાલનપુરમાં મુખ્યમંત્રીએ રૂ. ૩૭.૮૨ કરોડના ખર્ચે બનેલા આઇકોનિક બસ પોર્ટનું લોકાર્પણ કર્યું

બનાસકાંઠા સમાચાર
રિપોર્ટ : દીલીપ ગોહીલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાલનપુરમાં ૨૯,૦૦૦ ૭૦૦ ચોરસ મીટર વિસ્તારમાં રૂ. ૩૭.૮૨ કરોડના ખર્ચે નવનિર્મિત શનિવારે આઇકોનિક બસ પોર્ટનું લોકાર્પણ અને રૂ. ૧૧૮ કરોડના ખર્ચે નિર્માણ થનારા સીસરાણા ૨૨૦ કે.વી. સબ સ્ટેશનનું ઇ-ભૂમિપૂજન કર્યું હતું. રૂ. ૧૧૮ કરોડના ખર્ચે બનનારૂ સીસરાણા સબ સ્ટેશન બનાસકાંઠા જીલ્લાના ૨૪,૦૦૦ ખેડૂતો સહીત કુલ ૧,૨૦,૦૦૦ ગ્રાહકોને સતત વીજ પુરવઠો પૂરો પાડવામાં ઉપયોગી બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમંત્રી ગજેન્દ્રસિંહ પરમાર, રાજ્યમંત્રી કીર્તિસિંહ વાઘેલા, સાંસદ દિનેશભાઈ અનાવાડીયા, ભરતસિંહ ડાભી, સાંસદ પરબતભાઈ પટેલ, ધારાસભ્ય અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં આ વિકાસ કામોના લોકાર્પણ અને ઇ-ખાતમુહૂર્ત કર્યાં હતા. ગુજરાત




રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એસ.ટી. દ્વારા રાજ્યમાં આવા અદ્યતન સુવિધાસભર ૭ આઇકોનિક બસ પોર્ટ પી.પી.પી.ના ધોરણે નિર્માણ પામીને પેસેન્જર સેવામાં કાર્યરત છે અને ૧૦ સેટેલાઇટ બસ પોર્ટ નિર્માણાધીન છે.

આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકહીત, જનકલ્યાણ અને અંત્યોદયના કાર્યોને પ્રાધાન્ય આપે છે. વિકાસના પાયામાં શિક્ષણ સ્વાસ્થ્ય અને સુરક્ષા એ ૩ બાબત મુખ્ય છે અને તે સૌને મળી રહે તેવું આયોજન સરકારે કર્યું છે.ગામડામાં સારા રસ્તા, સારી આરોગ્ય સેવા, પૂરતી વીજળી આપીને આપણે આ ત્રણેય ક્ષેત્રોમાં અનેક વિકાસ કામો વડાપ્રધાનના માર્ગદર્શનમાં કર્યા છે એમ પણ તેમણે જણાવ્યું હતું.સામાન્ય માનવી, ગરીબ અને છેવાડાના લોકોને સુવિધા સરળતાથી મળે તેવો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો નિર્ધાર ૮ વર્ષોના તેમના સુશાસનમાં પાર પાડયો છે તેમ મુખ્યમંત્રીએ દ્દઢતાપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કોરોના મહામારી દરમિયાન એસ.ટી. નિગમના કર્મચારીઓએ આપેલી સેવાઓની સરાહના કરતાં કહ્યું હતુ કે, ૨૩,૦૦૦ બસ દ્વારા ૬.૯૯ લાખ મુસાફરોને લાભ આપનારા એસ.ટી.ના આ સેવકો અભિનંદનને પાત્ર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ઘરે-ઘરે વીજળી પહોંચાડવાના રાજ્ય સરકારની સફળતાની વિસ્તૃત છણાવટ મુખ્યમંત્રીએ કરી હતી.

૧૯૬૦ માં ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ૨૦૦૨ સુધીમાં ૭૦૨ વીજ સબ સ્ટેશન બન્યા હતા. ૨ દાયકામાં રાજ્યમાં ૧૫૪૯ નવા વીજ સબ-સ્ટેશન બન્યા છે. એટલે કે દર વર્ષે એવરેજ ૭૮ વીજ સબ સ્ટેશનનું નિર્માણ થાય છે.

## નવસારી વેટેરિનરી કૉલેજ ખાતે
# રક્તદાન કેમ્પ અને થેલેસિમિયા ટેસ્ટ નુ આયોજન કરવામાં આવ્યું.

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગરે થી કાર્યરત નવસારી વેટેરિનરી કૉલેજ ખાતે એન. એસ. એસ પોગ્રામ અંતરંગત રક્તદાન અને થેલેસેમિયાટેસ્ટ નું આયોજન ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારી બ્રાન્ચ ના ઉપક્રમે થી વિદ્યાર્થી ગણ અને સ્ટાફ મિત્રો માટે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ડો ધાનાણી એ રક્ત દાન અને ટેસ્ટ ની મહત્વતા સમજ આપી હતી.

આ દિવસે ૨૧૩ પ્રથમ વિદ્યાર્થી ગણ નું થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને ૫૮ જેટલા રક્તદાન એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પોગ્રામ નું સફળ આયોજન ડો અજય રાવળ અને ડો લલિત મોદી એ આચાર્ય શ્રી ડો ખરાદી ના માર્ગદર્શન હેઠળ કર્યા હતું.

# વિધાનસભા ની આગામી ચૂંટણી ને ધ્યાનમાં રાખી પૂર્વ મંત્રી શ્રીગણપતસિંહ વસાવાજી ડાંગ જિલ્લાના ત્રણ દિવસના પ્રવાસે



ડાંગ :

૪/૫/૬ તરીખ દરમિયાન ડાંગ જિલ્લાના વિવિધ મંદિરો, વિવિધ સમાજના આગેવાનો, વિવિધ મંડલો ની મિટિંગ કરી વિકાસના કામો અને સમસ્યા ની સમીક્ષા કરશે, ભારતીય જનતા પાર્ટી એ આવનારી વિધાનસભા ની ચૂંટણી ને ધ્યાન રાખીને દરેક જિલ્લામાં આગેવાનો ની નિમણૂક કરી જવાબદારી સોંપી છે, જેમાં ડાંગ જિલ્લા માટે પૂર્વ આદિજાતિ અને વન પર્યાવરણ મંત્રી ગણપતસિંહ વસાવા ને ડાંગ જિલ્લા ની જવાબદારી સોંપવામાં આવી છે. જેને લઈને ગણપતસિંહ વસાવા એ ત્રણ દિવસમાં ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકા ના પ્રવાસે છે, આ જે પ્રથમ દિવસે સૌ પ્રથમ ભાજપ ના આગેવાનો અને કાર્યકરો વઘઇ ખાતે અંબાજી માતા ના મંદિરે દર્શન કરી પ્રવાસ શરૂ કર્યો હતો, જયારે બાદ ચિચીનાગાંવઠા ગામે કોટવાળીયા સમાજ ની મુલાકત લઈ તેમની સમસ્યા જાણી હતી, કોટવાળીયા સમાજના આગેવાનો એ જર્જરિત મકાન રીપેરીંગ કરવા અને નવા આવાસ ફાળવણી માટેની રજુઆત કરી હતી, ત્યાંથી નીકળી વઘઇ એપીએમસી ખાતે વઘઇ મંડળ ના આગેવાનો સાથે મિટિંગ કરી આવનારી વિધાનસભા ની ચૂંટણી ને લઈને માર્ગદર્શન આપ્યું હતું.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બુરો

## દાંડી કુટિરથી ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સાયકલ રેલીને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી

# નેહરૂ યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સાયકલ રેલીનું આયોજન ગાંધીનગર ખાતે કરાયું

ગાંધીનગરઃ શુક્રવારઃ

નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર દ્વારા આજરોજ વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સાયકલ રેલીનું આયોજન દાંડી કુટીર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ સાયકલ રેલીને દાંડી કુટિરથી ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. સાયકલ રેલી દાંડી કુટીર થી રવાના થઈ ખ રોડ પર ખ ૨ – ખ ૩ થી ગ ૩ અને ઘ ૩ થઈ પરત દાંડી કુટીર આવી હતી.



આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સહકારથી યુવા ભાઈ – બહેનો દ્વારા રાસ ગરબા તેમજ દેશ ભક્તિના ગીત પર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં રાષ્ટ્ર કક્ષાએ હેન્ડ બોલ સ્પર્ધામાં ભાગ લેવા બદલ કુ.ભાવિકા (રાષ્ટ્રીય યુવા સ્વયં સેવક)નું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા શ્રી પંકજ માંરેચા, જિલા યુવા અધિકારી, નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, શ્રી ભાનુભાઈ શાહ, એ.પી.એસ. શ્રી કમલેશભાઈ શેઠિયા, કુ, ભાવિકા, શ્રી અજય સંગાડા, શ્રી અજયસિંહ સોલંકી શ્રી હાર્દિક મોચી, શ્રી મંથન શાહ, શ્રી નીખીલ જાદવ એ ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન શ્રી ઋષિકેશ માંડલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, અમદાવાદ શ્રી મહાનિર્દેશક શ્રી ધીરજ કાકડિયા, સંયુક્ત સચિવ શ્રી ઉસ્માનભાઈ પટેલ, નાયબ સચિવ શ્રી દિપકભાઈ પટેલ, હોમગાર્ડ કમાંડટ શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિ, એન.એસ.એસના ક્ષેત્રિય નિર્દેશક શ્રી ગિરઘરભાઈ ઉપાધ્યાય, યુવક સેવાના ઓ.એસ.ડી શ્રી નયનભાઈ થોરાત, નેહરૂ યુવા કેન્દ્ર સંગઠનના રાજય નિર્દેશક શ્રીમતી મનિષાબેન શાહ, દાંડી કુટિરના નિર્દેશક શ્રી પંકજ શર્મા, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી તેજલબેન, ચીફ સિવિલ ડિફેન્સ શ્રીમતી અંજનાબેન નિમાવત અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK